GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# Gujarat Act No. 18 of 1973

## The Gujarat Secondary Education Act, 1972

*(As modified upto 31st August, 1987)*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સને ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮

## ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨

( સન ૧૯૮૭ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા મુજબ )

1987

GOVERNMENT CENTRAL PRESS,
GANDHINAGAR.

*(Price Rs. )*

सत्यमेव जयते

# GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# Gujarat Act No. 18 of 1973

## The Gujarat Secondary Education Act, 1972

*(As modified upto 31st August, 1987)*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સને ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮

## ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨

( સન ૧૯૮૭ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા મુજબ )

1987

GOVERNMENT CENTRAL PRESS,

GANDHINAGAR.

*(Price Rs.          )*

એચ—૩૦૦—૧

©

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

THE GUJARAT SECONDARY EDUCATION ACT, 1972

# ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨.

## અનુક્રમણિકા

પ્રસ્તાવના.

કલમો.

પ્રકરણ ૧.

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૨. વ્યાખ્યા.

પ્રકરણ ૨.

બોર્ડની રચના, તેનું સંસ્થાપન અને સત્તા.

૩. બોર્ડની રચના અને સંસ્થાપન.

૪. બોર્ડના મુખ્ય મથકો.

૫. બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો.

૬. બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત.

૭. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની જગા કામચલાઉ ખાલી પડવા બાબત.

૮. બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની ગેરલાયકાતો.

૯. ગેરલાયકાતને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.

૧૦. પરવાનગી વિના ગેરહાજર રહેવાને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.

૧૧. જગા ખાલી પડવા અંગેના પ્રશ્નનો નિર્ણય.

૧૨. જગા ખાલી પડે, તો તે જાહેર કરવા બાબત.

૧૩. સભ્યનું રાજીનામું.

૧૪. સભ્યને દૂર કરવા બાબત.

૧૫. બોર્ડની બેઠકો.

૧૬. બેઠકમાં નિષ્ણાતો અને અધિકારીઓને નિમંત્રણ આપવાની સત્તા.

૧૭. બોર્ડની સત્તા અને ફરજો.

૧૮. સમિતિઓ.

એચ—૩૦૦—૨

કલમો.

૧૯. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની સત્તા.

૨૦. બોર્ડના સેક્રેટરીની અને સંયુક્ત અને મદદનીશ સેક્રેટરીઓની નિમણૂક, સત્તા અને ફરજો.

૨૧. બોર્ડના અન્ય અધિકારીઓ અને નોકરો.

૨૨. બોર્ડના સેક્રેટરી, સંયુક્ત અથવા મદદનીશ સેક્રેટરીઓ અને નોકરોના પગાર અને ભથ્થાં અને નોકરીની બીજી શરતો.

## પ્રકરણ ૩.

## નાણાં, હિસાબ અને ઓડિટ

૨૩. બોર્ડનું ફંડ, તેની કસ્ટડી અને તેનું રોકાણ.

૨૪. બોર્ડ ફંડમાંથી પગાર, પેન્શન વગેરે પેટે ખર્ચ આપવા બાબત.

૨૫. બોર્ડને ગ્રાન્ટ.

૨૬. નાણાં ઉછીનાં લેવાની બોર્ડની સત્તા.

૨૭. ફંડનો ઉપયોગ.

૨૮. ફંડમાંથી નાણાં કેવી રીતે ઉપાડવાં.

૨૯. વાર્ષિક બજેટ-અંદાજો તૈયાર કરવા બાબત.

૩૦. વાર્ષિક હિસાબ અને ઓડિટ.

## પ્રકરણ—૪

## રજિસ્ટ્રેશન.

૩૧. રજિસ્ટ્રેશન વિના માધ્યમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધ.

૩૨. રજિસ્ટર અદ્યતન રાખવા બાબત.

## પ્રકરણ—૫

## વહીવટ રાજ્ય હસ્તક લેવા બાબત.

૩૩. રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય હસ્તક લેવા બાબત.

## પ્રકરણ—૬

## રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં નોકરી સંબંધી જોગવાઈઓ.

૩૪. રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં નીમવાની વ્યક્તિઓની ભરતી અને તેમની નોકરીની શરતો.

૩૫. રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ માટે પસંદગી સમિતિઓ રહેશે.

૩૬. અમુક વ્યક્તિઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર.

૩૭. અમુક કરારો રદ બાતલ ગણાશે.

કલમો.

૩૮. ટ્રિબ્યુનલે તકરારનો નિર્ણય કરવા બાબત.

૩૯. ટ્રિબ્યુનલ.

૪૦. કોર્ટોની હકૂમતને બાધ.

૪૦-ક. અપવાદ.

## પ્રકરણ—૭.

## ગુના અને શિક્ષા

૪૧. નિમણૂક સામે પ્રતિબંધ.

૪૨. અમુક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા.

૪૩. અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા.

૪૪. શાળા બંધ કરવા સામે પ્રતિબંધ.

## પ્રકરણ—૮.

## પ્રકીર્ણ

૪૫. પ્રસંગોપાત જગાઓ ખાલી પડવા બાબત.

૪૬. જગા ખાલી હોવાને કારણે અથવા રચનામાં ખામી હોવાને કારણે કાર્યો અને કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.

૪૭. બોર્ડે માહિતી પત્રકો વગેરે પૂરાં પાડવા બાબત.

૪૮. આદેશો કાઢવાની રાજ્ય સરકારની સત્તા.

૪૯. અધ્યક્ષ, ઉપાધ્યક્ષ વગેરે રાજ્ય સેવકો ગણાશે.

૫૦. શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યો માટે ક્ષતિપૂર્તિ.

૫૧. અમુક સંજોગોમાં બોર્ડનું વિસર્જન અથવા પદચ્યુતિ.

૫૨. મુક્તિ.

૫૩. વિનિયમો કરવાની બોર્ડની સત્તા.

૫૪. પહેલીવારના વિનિયમો.

૫૫. ઉપ-નિયમો કરવાની બોર્ડની સત્તા.

૫૬. શંકા બાબતમાં અર્થઘટન.

૫૭. રદ કરવા બાબત અને અપવાદ.

૫૮. મુશ્કેલીઓ નિવારવાની સત્તા.

૫૯. રાજ્યની અમુક યુનિવર્સિટીઓ સંબંધી અધિનિયમોની અમુક જોગવાઈઓના સુધારા.
અનુસૂચિ.

# સન ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮૧

[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨]

[૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩].

સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૫થી સુધારેલો.

સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨થી સુધારેલો.

સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ ૮થી સુધારેલો.

ગુજરાત રાજ્યમાં માધ્યમિક શિક્ષણનું નિયમન કરવાની જોગવાઈ કરવા અને તે હેતુ માટે બોર્ડ સ્થાપવા બાબત અધિનિયમ

આથી ભારતના પ્રજાસત્તાકના ત્રેવીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.—

## પ્રકરણ—૧.

## પ્રારંભિક

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડે છે.

(૩) આ કલમ તુરત અમલમાં આવશે; અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો :—

(ક) 'નિયત દિવસ" એટલે જે તારીખે આ અધિનિયમની બાકીની જોગવાઈઓ કલમ ૧ ની પેટા-કલમ (૩) હેઠળ અમલમાં આવે તે તારીખ.

(ખ) "બોર્ડ" એટલે કલમ ૩ હેઠળ સ્થાપવામાં આવેલું ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ;

(ગ) "ઉપ-નિયમો" એટલે કલમ ૫૫ હેઠળ બોર્ડે કરેલા ઉપ-નિયમો ;

(ઘ) "અધ્યક્ષ" એટલે બોર્ડના અધ્યક્ષ;

(ચ) "સમિતિ" એટલે કલમ ૧૮ હેઠળ નીમવામાં આવેલી સમિતિ ;

(છ) "ઉપાધ્યક્ષ" એટલે બોર્ડના ઉપાધ્યક્ષ

(જ) "બાંયધરી આપેલો સ્ટાફ" એટલે શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના બનેલા જે સ્ટાફની સરકારી માધ્યમિક શાળાની નોકરીની શરતો અંગે, રાજ્ય સરકારે, તેમની ખાનગી માધ્યમિક શાળામાં બદલી થયે, બાંયધરી આપી હોય તે સ્ટાફ ;

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ તારીખ ૧૦મી ઓગષ્ટ. ૧૯૭૨નું ગુજરાત રાજપત્ર (અંગ્રેજીમાં) અસાધારણ ભાગ ૫. પાનું ૨૪૧ અને પ્રવર સમિતિના અહેવાલ માટે જુઓ તારીખ ૮મી જાન્યુઆરી. ૧૯૭૩નું ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ ૫, પાનું ૨.

*આ અધિનિયમને સન ૧૯૭૩ના સપ્ટેમ્બર મહિનાની ૨૮મી તારીખે રાષ્ટ્રપતિએ અનુમતિ આપી હતી.

(ઝ) "હેડમાસ્તર" એટલે માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના વડા, પછી તેના હોદ્દાને ગમે તે નામ આપવામાં આવ્યું હોય ;

(ટ) "છાત્રાલય" એટલે રજિસ્ટર થયેલી કોઈ શાળાથી ભિન્નસ્થાનનું વિદ્યાર્થીઓના નિવાસનું એકમ;

(ઠ) કોઈ શાળાના સંબંધમાં "વ્યવસ્થાપક" એટલે શાળાનું નિયંત્રણ અથવા વહીવટ જેને હસ્તક હોય તે વ્યકિત અથવા વ્યકિતઓનું મંડળ ;

(ડ) "બિન-શૈક્ષણિક સ્ટાફ" એટલે શિક્ષણ સિવાયની કોઈ ફરજ અથવા કાર્ય બજાવવા નીમવામાં આવે તેવો રજિસ્ટર થયેલા-શાળાનો સ્ટાફ ;

(ઢ) "ઉત્તર-બુનિયાદી શિક્ષણ" એટલે ઉત્પાદનલક્ષી ઉદ્યોગ દ્વારા અપાતું માધ્યમિક શિક્ષણ ;

(ત) "ઉત્તર-બુનિયાદી શાળા" એટલે ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી શાળા ;

(થ) "ઠરાવેલું" એટલે વિનિયમોથી ઠરાવેલું ;

(દ) "ખાનગી માધ્યમિક શાળા" એટલે જે કોઈ માધ્યમિક શાળા કેન્દ્ર અથવા રાજ્ય સરકારની માલિકીની ન હોય જેનો વહીવટ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કરતી ન હોય અથવા જે કેન્દ્ર અથવાર ાજ્ય સરકાર સંચાલિત દ્દારા ન હોય તે માધ્યમિક શાળા ;

(ધ) "સંરક્ષિત શિક્ષક" એટલે, જે કોઈ વ્યકિત સન ૧૯૬૫ના માર્ચ મહિનાની ૨૯મી તારીખ પહેલાં માધ્યમિક શિક્ષણનો ભાગ બનેલા પાંચથી સાત સુધીના કોઈપણ ધોરણમાં કોઈપણ વિષય કોઈ શાળામાં સદરહુ તારીખ પહેલાં શીખવતી હોય અને જેણે સદરહુ તારીખ પછી પ્રાથમિક શિક્ષણનો ભાગ બનતાં એવા કોઈપણ ધોરણમાં કોઈપણ વિષય કોઈ શાળામાં શીખવવાનું ચાલુ રાખ્યું હોય અને જેના પગાર અને પગાર ધોરણ અંગેના હકોનું, રાજ્ય સરકારના હુકમથી રક્ષણ કરવામાં આવ્યું હોય તે વ્યકિત ;

(ન) "માન્ય શાળા" એટલે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે અથવા આ માટે તેણે અધિકૃત કરેલા અધિકારીએ માન્ય કરેલી કોઈ માધ્યમિક શાળા અથવા ઉપર બુનિયાદી શાળા અથવા કોઈપણ યુનિવર્સિટીએ રજિસ્ટર કરેલ હાઈસ્કૂલ;

(પ) "રજિસ્ટર" એટલે ગુજરાત રાજ્ય માટે માધ્યમિક શાળાઓનું આ અધિનિયમ હેઠળ તૈયાર કરીને રાખવામાં આવતું રજિસ્ટર;

(ફ) "રજિસ્ટર થયેલી શાળા" એટલે કલમ ૩૧ હેઠળ બોર્ડે રજિસ્ટર કરેલી માધ્યમિક શાળા અથવા ઉત્તર-બુનિયાદી શાળા;

(બ) "વિનિયમો" એટલે કલમ ૫૩ અથવા ૫૪ હેઠળ કરેલા વિનિયમો ;

(ભ) "માધ્યમિક શિક્ષણ" એટલે આઠમા ધોરણથી, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમ કરીને વખતોવખત નક્કી કરે [1][તેવા અગિયારમા ધોરણથી ઉચ્ચત્તર ન હોય તેવા ધોરણ સુધી] તેવા વિષયોમાં અપાતું ઉત્તર બુનિયાદી શિક્ષણ સહિતનું શિક્ષણ ;

(મ) "માધ્યમિક શાળા" એટલે માધ્યમિક શિક્ષણ આપતી શાળા ;

(ય) "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એટલે જે ધોરણ સુધીનું શિક્ષણ માધ્યમિક શિક્ષણ ગણાય તે ધોરણ તરીકે ખંડ (ભ) હેઠળ નક્કી કરેલા છેલ્લા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષા; [2][અને ખંડ (ભ), હેઠળ નક્કી ધોરણ અગિયારમા ધોરણ સિવાયનું ધોરણ હોય, ત્યારે જે વિદ્યાર્થીઓએ ૧૯૭૬–૭૭ના શાળા વર્ષ અગાઉના કોઈ શાળા વર્ષમાં અગિયારમા ધોરણની શાળાઓમાં હાજરી આપી હોય તે વિદ્યાર્થીઓની તે ધોરણની પરીક્ષાઓનો તેમાં સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ.– આ ખંડના હેતુઓ માટે, "શાળા વર્ષ" એટલે જૂન મહિનામાં સામાન્યતઃ શરૂ થતું શૈક્ષણિક વર્ષ.]

---

૧. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૨(૧)થી "તે ધોરણ સુધી" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૨ (૨) થી આ મજકૂર ઉમેર્યો છે.

(ર) "શિક્ષક" એટલે રજિસ્ટર થયેલી શાળાનો શિક્ષક પણ તેમાં હેડમાસ્તરનો સમાવેશ થતો નથી ;

(લ) "ટ્રિબ્યુનલ" એટલે કલમ ૩૯ હેઠળ રચવામાં આવેલી ટ્રિબ્યુનલ;

(વ) "યુનિવર્સિટી" એટલે ગુજરાત રાજ્યમાં કોઈ કાયદાથી સ્થાપેલી યુનિવર્સિટી ;

સન ૧૯૬૧ નો ગુજરાતનો ૪૧મો. (ક્ક) "પ્રાથમિક શિક્ષણ" એ શબ્દનો અર્થ, ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

સન ૧૯૪૭ નો મુંબઈનો ૬૧મો.

## પ્રકરણ ૨

## બોર્ડની રચના, તેનું સંસ્થાપન અને સત્તા.

બોર્ડની રચના અને સંસ્થાપન.

૩. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ માટે જાહેર કરે તે તારીખે અને ત્યારથી આ અધિનિયમના હેતુઓ માટે "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ" એ નામનું એક બોર્ડ સ્થાપવામાં આવશે. બોર્ડ સંસ્થાપિત મંડળ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામે તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે અને તેને જંગમ અને સ્થાવર, એ બંને પ્રકારની મિલકત સંપાદન કરવાની, તે ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે બીજા તમામ જરૂરી કાર્યો કરવાની સત્તા રહેશે.

(ર) બોર્ડ, રાજ્ય સરકાર નીમે તે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનું અને નીચેના સભ્યોનું બનશે.–

વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો.

(૧) શિક્ષણ નિયામક.

(ર) ટેકનિકલ શિક્ષણ નિયામક.

(૩) ખેતી નિયામક.

(૪) પ્રાથમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ.

(૫) નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક બોર્ડ.

(૬) નિયામક, રાજ્ય શિક્ષણ ભવન.

(૭) માનવ શક્તિ, રોજગાર અને તાલીમ નિયામક.

(૮) રાજ્ય સરકારે નિર્દેશેલા અને નાયબ-સચિવથી ઉતરતા દરજ્જાના નહિ તેવા શિક્ષણ વિભાગના એક અધિકારી.

(૯) અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ.

(૧૦) અધ્યક્ષ, ટેકનિકલ પરીક્ષા બોર્ડ .

પરંતુ ઉપર જણાવેલા હોદ્દાઓ પૈકી કોઈ હોદ્દાવાળી જગા ન હોય, તો રાજ્ય સરકાર, તત્સમાન જગા ધરાવતા જે અધિકારી સામાન્ય રીતે એવી જગાને લગતી બાબત અંગે કામગીરી કરતા હોય તે અધિકારીને નિર્દેશી શકશે.

વર્ગ --ખ-ચૂંટાયેલા સભ્યો.

સન ૧૯૫૬ નો ૩જો. (૧) દરેક યુનિવર્સિટીની અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની, યથાપ્રસંગ, કલમ ૨ના ખંડ (છ)ની અથવા કલમ ૩ની જોગવાઈઓ અનુસાર કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓ તરીકે જાહેર કરેલી સંસ્થાઓની એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ પોતાનામાંથી ચૂંટેલા એક સભ્ય.

પરંતુ કોઈ યુનિવર્સિટીમાં કોઈ એકેડેમિક કાઉન્સિલ ન હોય અથવા યુનિવર્સિટી તરીકે માન્ય અથવા જાહેર કરેલી હોય તેવી સંસ્થા ન હોય, તો રાજ્ય સરકાર આ માટે માન્ય કરે તેવી, યથાપ્રસંગ, તે યુનિવર્સિટીનું અથવા સંસ્થાનું અધિકારી મંડળ આ ખંડના હેતુ માટે, યથાપ્રસંગ, એવી યુનિવર્સિટી અથવા સંસ્થાની એકેડેમિક કાઉન્સિલ છે એમ ગણાશે.

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરોએ, પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરોએ પોતાનામાંથી ચૂંટેલા એક સભ્ય.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૫) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા એક સભ્ય.

(૬) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોએ પોતાનામાંથી ઠરાવવામાં આવે તે રીતે ચૂંટેલા એક સભ્ય.

૧[(૬ક) રજિસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલા એક સભ્ય].

૨(૬કક) રજીસ્ટર થયેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલા ૩ સભ્યો

(૭) રજિસ્ટર્ડ મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર્ડ થયેલી રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ, પોતાનામાંથી ઠરાવવામાં આવે તે રીતે ચૂંટેલા બે સભ્યો.

સન ૧૮૬૦ નો ૨૧મો અધિનિયમ.

(૮) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર્ડ થયેલી રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ પોતાનામાંથી ઠરાવવામાં આવે તે રીતે ચૂંટેલા બે સભ્યો.

સન ૧૯૫૦ નો મુંબઈનો ૨૯મો.

---

૧. સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ-૮ની કલમ-૨ થી આ ખંડ (૬-ક) દાખલ કર્યો છે.

૨. સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨થી આ ખંડ ૬ (ક-ક) દાખલ કર્યો છે.

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલા ત્રણ સભ્યો.

સ્પષ્ટીકરણ.— આ ખંડમાં,—

(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના સંબંધમાં "વાલીઓનું એસોસિયેશન" એટલે નિયત દિવસે અથવા તે પછી, તે શાળાના હેડમાસ્તરે રચેલું અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતાપિતા અને વાલીઓનું એસોસિયેશન;

(૨)(ક) જેના પ્રમુખ, હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા સંચાલક મંડળ અથવા શાળાનું સંચાલન કરતા અન્ય મંડળના સભ્ય હોય તે વાલીઓના એસોસિયેશનના સંબંધમાં "પ્રમુખ" એટલે યથાપ્રસંગ એવા હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા સભ્ય સિવાયના જે બીજા કોઈ સભ્યને, એસોસિયેશન લેખિત રીતે અધિકૃત કરે તે સભ્ય; અને

(ખ) વાલીઓના એસોસિયેશનના પ્રમુખ પોતે ગેરહાજર હોય અથવા કામગીરી બજાવી શકે તેમ ન હોય, તો આ ખંડ હેઠળ કોઈ સભ્ય ચૂંટવાના હેતુ માટે, પ્રમુખ એટલે એસોસિયેશન તે હેતુ માટે લેખિત રીતે અધિકૃત કરે તેવો તે એસોસિયેશનનો બીજો કોઈ સભ્ય.

(૧૦) પ્રમાણસર પ્રતિનિધિત્વ, અનુસાર ક્રમિક મત પધ્ધતિથી ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા પાંચ સભ્યો :

પરંતુ આ વર્ગના ખંડો(૨) અને (૪)ના હેતુઓ માટે, રાજ્યની ઉત્તર-બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓને રાજ્ય સરકારે પાંચ જૂથોમાં એવી રીતે વખતોવખત ગોઠવવી કે કોઈપણ એક જૂથમાં એવી શાળાઓની સંખ્યા, લગભગ, રાજ્યની આવી શાળાઓની કુલ સંખ્યાના વીસ ટકા જેટલી થાય અને એવા દરેક જૂથમાંની આવી શાળાઓના હેડમાસ્તરોએ અથવા યથા પ્રસંગ શિક્ષકોએ એક સભ્ય ચૂંટવો જોઈશે.

૧ વધુમાં ખંડ (૯-કક)ના હેતુ માટે, રાજ્ય સરકારે, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશમાં વિભાજીત કરવું જોઈશે, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ વિસ્તારોમાં રજિસ્ટર થયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સરખી સંખ્યા તેમાં થાય અને આવા દરેક પ્રદેશમાંની રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે, એક સભ્ય ચૂંટવો જોઈશે;

વધુમાં ખંડ (૯)ના હેતુ માટે રાજ્ય સરકારે, રાજ્યપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશોમાં વિભાજિત કરવું, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ કરેલા વિસ્તારોની અંદર રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓની સરખી સંખ્યા તેમાં થાય અને એવા દરેક પ્રદેશમાં વાલીઓના એસોશિયેશનના પ્રમુખોએ એક સભ્ય ચૂંટવો જોઈશે;

વધુમાં કોઈ વ્યકિત, એકેડેમિક કાઉન્સિલના અથવા જે સંસ્થાએ તેને ચૂંટી હોય તેના સભ્ય તરીકે રહેતી બંધ થાય અથવા રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તર અથવા શિક્ષક તરીકે અથવા માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અથવા સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે અથવા ૧ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના બિન-શૈક્ષણિક સ્ટાફના અથવા રજિસ્ટર થયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળના શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના સંચાલકોના પ્રતિનિધિ તરીકે અથવા વાલીઓના એસોસિયેશનના પ્રમુખ અથવા યથાપ્રસંગ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહેતી બંધ થાય, તો તે વ્યકિત બોર્ડના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

વળી બોર્ડની પ્રથમવાર રચના કરવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે આ વર્ગના સભ્યોને, આ વર્ગના સભ્યો તરીકે ચૂંટાવા માટે લાયકાત ધરાવતી વ્યકિતઓમાંથી નિયુક્ત કરવા જોઈશે.

### વર્ગ—૩ નિયુકત કરેલા સભ્યો.

વિજ્ઞાન, ઉદ્યોગ અથવા વાણિજ્ય ક્ષેત્રે ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી રાજ્ય સરકારે નિયુકત કરેલા ત્રણ સભ્યો.

---

૧. સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨ થી આ પરંતુક દાખલ કરેલ છે.

(૩) બોર્ડના સભ્યો તરીકે વખતોવખત ચૂંટવામાં આવેલી અથવા નિયુક્ત કરવામાં આવેલી (હોદ્દાની રૂએ સભ્યો ન હોય તેવી) વ્યક્તિઓનાં નામ બોર્ડે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવાં જોઈશે.

**બોર્ડનાં મુખ્ય મથકો.**

૪. બોર્ડનાં મુખ્ય મથકો, રાજ્ય સરકાર નક્કી કરે તે સ્થળે રહેશે.

**બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો.**

૫. (૧) અધ્યક્ષને અને ઉપાધ્યક્ષને રાજ્ય સરકાર તે દરેક માટે નક્કી કરે તે પ્રમાણે તેમની નિમણૂંકની તારીખથી, ચાર વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે નીમવામાં આવશે.

(૨) રાજ્ય સરકારે વખતોવખત અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત લંબાવી શકશે, પરંતુ જે કુલ મુદત સુધી અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ હોદ્દો ધરાવી શકે તે મુદત આઠ વર્ષથી વધવી જોઈશે નહીં.

(૩) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ફરી નિમણૂંકને પાત્ર થશે નહિ.

(૪) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના યથાપ્રસંગ, પગાર અથવા માનદ્‌વેતન અથવા ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર નક્કી કરે તેવાં રહેશે.

(૫) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય છતાં, રાજ્ય સરકાર, તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, સદરહુ પેટા-કલમો હેઠળ નક્કી કરેલી અથવા લંબાવેલી નિમણૂંકની મુદત પૂરી થતાં પહેલાં કોઈપણ સમયે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષની નિમણૂંક સમાપ્ત કરી શકશે અને કલમ ૮ના ખંડ (ક) અથવા (ગ)માં જણાવેલી કોઈપણ ગેરલાયકાતને તે પાત્ર થાય, તો તેની નિમણૂંક સમાપ્ત થશે.

**બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત.**

૬.(૧) બોર્ડના હોદ્દાની રૂએના સભ્યો સિવાયના સભ્યો, જે તારીખે તેમનાં નામ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે:

પરંતુ રાજ્ય સરકાર વખતોવખત, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, તેમાં નિર્દિષ્ટ કરવાના ખાસ સંજોગો ધ્યાનમાં લઈને, આવી મુદતને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી લંબાવી શકશે, પરંતુ તેવી રીતે લંબાવેલી મુદત એકંદર એક વર્ષથી વધવી જોઈશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય છતાં નિયત દિવસ પછી પ્રથમવાર રચવામાં આવેલા બોર્ડમાં રાજ્ય સરકારે નિયુક્ત કરેલા સભ્યો એવી રીતે રચાયેલાં બોર્ડનાં સભ્યોના નામો જે તારીખે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી બે વર્ષ કરતાં વધુ નહિ તેટલી રાજ્ય સરકાર નક્કી કરે તે સુધી હોદ્દો ધરાવશે:

પરંતુ એવી રીતે નક્કી કરેલી મુદત રાજ્ય સરકાર, વખતોવખત લંબાવી શકશે, પરંતુ જે મુદત સુધી એવા સભ્યો હોદ્દો ધરાવશે તે મુદત એકંદરે બે વર્ષથી વધવી જોઈએ નહિ.

વધુમાં પેટા-કલમ (૧) અને (૨)માં ઉલ્લેખેલા છૂટા થનારા સભ્યોની મુદત, તેમના અનુગામીઓનાં નામો જે તારીખે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી તરત અગાઉના દિવસ સુધી લંબાવવામાં આવશે અને તે દિવસે પૂરી થશે.

**અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની જગા કામચલાઉ ખાલી પડવા બાબત.**

૭. અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાની જગા, તે હોદ્દાધારીની રજા અથવા માંદગીના કારણે અથવા બીજા કોઈ કારણે હંગામી રીતે ખાલી પડે, ત્યારે રાજ્ય સરકાર, પોતે નક્કી કરે તે પગાર, અથવા યથાપ્રસંગ માનદ્‌વેતન, ભથ્થાં અને સેવાની બીજી શરતોએ, એવા હોદ્દાની જગા ખાલી રહે ત્યાંસુધી યથાપ્રસંગ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે અન્ય વ્યક્તિને નીમી શકાશે.

**બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની ગેરલાયકાતો.**

૮. કોઈ વ્યક્તિ નીચેના સંજોગોમાં આ અધિનિયમ હેઠળ રચવામાં આવેલા બોર્ડના અધ્યક્ષ અથવા બોર્ડના ઉપાધ્યક્ષ તરીકે નીમાવા અથવા ચાલુ રહેવા માટે અથવા બોર્ડના સભ્ય તરીકે ચૂંટાવા અથવા નિયુક્ત થવા માટે અથવા ચાલુ રહેવા માટે અથવા કોઈ સમિતિના સભ્ય તરીકે નીમાવા અથવા રહેવા અથવા ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે.

જો તે વ્યક્તિ—

(ક) પોતે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અથવા પોતાના ભાગીદાર મારફતે,

(૧) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા બોર્ડ નક્કી કરે તેવી બીજી કોઈ પરીક્ષા માટે નિયત કરેલા અથવા રાજ્ય સરકારે બોર્ડને સોંપેલા કોઈ પાઠ્ય પુસ્તક અંગે પ્રસિદ્ધ કરેલી કોઈ માર્ગદર્શિકામાં કોઈ ભાગ કે હિત ધરાવતી હોય કે ધરાવતી હતી; અથવા

(૨) બોર્ડના હુકમથી કરવામાં આવેલા કોઈ કામમાં અથવા બોર્ડે અથવા બોર્ડ વતી કરવામાં આવેલા કોઈ કરારમાં કોઈ ભાગ કે હિત ધરાવતી હોય:

પરંતુ પેટાખંડ (૧)માં ઉલ્લેખેલી કોઈ માર્ગદર્શિકામાં અગાઉ કોઈ ભાગ કે હિત ધરાવતી વ્યક્તિ, એવી માર્ગદર્શિકા પ્રસિદ્ધ થાય તે તારીખથી પાંચ વર્ષ વીતી ગયા હોય, તો તે પેટા-ખંડ હેઠળ ગેરલાયક બની છે એમ ગણાશે નહિ;

(ખ) જેની સામે હોદ્દા ઉપરથી દૂર કરવા માટેનો હુકમ કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ હોય અને હોદ્દા ઉપરથી તેને દૂર કર્યાની તારીખથી પાંચ વર્ષ વતી ગયા ન હોય, તો;

(ગ) જો તેને—

(૧) કોર્ટે કાયદાથી અસ્થિર મગજની ઠરાવી હોય;

(૨) મુક્ત નહીં થયેલ નાદાર હોય,

(૩) નૈતિક અધઃપતનના ગુના માટે કોર્ટે કાયદાથી દોષિત ઠરાવી હોય તો.

**ગેરલાયકાતને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.**

૯. બોર્ડના અથવા કોઈ સમિતિના કોઈ સભ્ય, કલમ ૮માં દર્શાવેલી કોઈપણ ગેરલાયકાતને પાત્ર બને, તો તેમ થતાં તેનો હોદ્દો ખાલી પડશે.

**પરવાનગી વિના ગેરહાજર રહેવાને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.**

૧૦. બોર્ડમાં ચૂંટાયેલો કે નિયુક્ત થયેલો સભ્ય, બોર્ડની લાગલગાટ ત્રણ બેઠકોમાં અધ્યક્ષની પરવાનગી વિના ગેરહાજર રહે, તો તેમ થયે થતાં, તેનો હોદ્દો ખાલી પડશે.

**જગા ખાલી પડવા અંગેના પ્રશ્નનો નિર્ણય.**

૧૧. કલમ—૯ અથવા ૧૦ હેઠળ કોઈ સભ્યનો હોદ્દો ખાલી પડ્યો છે કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્ન, નિર્ણય માટે રાજ્ય સરકારને મોકલવો જોઈશે. રાજ્ય સરકાર, તે સભ્યને સુનાવણીની વાજબી તક આપ્યા પછી તે પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

**જગા ખાલી પડે, તો તે જાહેર કરવા બાબત.**

૧૨. કલમ—૯ અથવા કલમ—૧૦ હેઠળ કોઈ જગા ખાલી પડે, તો તે બાબત બોર્ડે રાજ્યપત્રમાં જાહેર કરવી જોઈશે.

**સભ્યનું રાજીનામું.**

૧૩. (૧) બોર્ડના હોદ્દાની રૂએ સભ્ય ન હોય તેવો કોઈ સભ્ય બોર્ડના અધ્યક્ષને પોતાનું રાજીનામું લેખિત રીતે આપીને કોઈપણ સમયે પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.

(૨) અધ્યક્ષ તે રાજીનામું સ્વીકારે, તો તે હકીકત તેમણે બોર્ડને જણાવવી જોઈશે અને સભ્યના હોદ્દાની જગા, રાજીનામું સ્વીકારવામાં આવે તે તારીખથી ખાલી પડશે.

**સભ્યને દૂર કરવાબાબત.**

૧૪. (૧) બોર્ડનો ચૂંટાયેલો અથવા નિયુક્ત સભ્ય, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ સભ્ય તરીકે ચાલુ રહેવા માટે તેને ગેરલાયક ઠરાવે તેવી કોઈ ગેરવર્તણૂંક માટે દોષિત ઠર્યો હોય, તો રાજ્ય સરકાર બોર્ડની ભલામણ ઉપરથી અને પોતાને યોગ્ય લાગે તેવી કોઈ તપાસ કર્યા પછી, તેને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે.

પરંતુ જે સભ્યના સંબંધમાં ભલામણ કરવામાં આવી હોય અથવા જે સભ્યને દૂર કરવાનો હોય તેને, યથાપ્રસંગ શા માટે આવી ભલામણ ન કરવી અથવા શા માટે તેને દૂર ન કરવો તેનું કારણ દર્શાવવાની વાજબી તક તેને આપવામાં આવી હોય તે સિવાય, બોર્ડથી એવી ભલામણ કરી શકાશે નહિ અને રાજ્ય સરકારથી તેને દૂર કરી શકાશે નહિ.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યો હોય તે સભ્યનું નામ બોર્ડે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઈશે.

**બોર્ડની બેઠકો.**

૧૫. (૧) બોર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી ત્રણવાર મળશે અને સામાન્ય રીતે કોઈ લાગલગાટ બે બેઠકો વચ્ચે ચાર મહિનાનો ગાળો હોવો જોઈશે નહિ.

(૨) અધ્યક્ષ કોઈપણ સમયે બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે અને બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતિયાંશ જેટલા સભ્યોએ લેખિત વિનંતી કર્યેથી, અધ્યક્ષે એવી વિનંતી મળ્યા પછી, એકવીસ દિવસથી મોડી ન હોય તેવી તારીખે એવી ખાસ બેઠક બોલાવવી જોઈશે.

**બેઠકમાં નિષ્ણાતો અને અધિકારીઓને નિમંત્રણ આપવાની સત્તા.**

૧૬. બોર્ડના અભિપ્રાય પ્રમાણે, શિક્ષણ ક્ષેત્રે નિષ્ણાત વ્યકિતને અથવા કોઈ સરકારી અધિકારીને, જે વિષય સાથે તે નિષ્ણાત કે અધિકારી સંબંધ ધરાવતો હોય તે વિષય, એવી બેઠકમાં ચર્ચા કે વિચારણા માટે આવવાનો સંભવ હોય કે આવે, તો બોર્ડ, પોતાની બેઠકમાં અથવા પોતાની કોઈપણ સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે તેને નિમંત્રણ આપી શકશે.

**બોર્ડની સત્તા અને ફરજો.**

૧૭. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશે.—

(૧) સામાન્ય રીતે પોતાને પૂછાવેલી બાબતો ઉપર અથવા પોતાની મેળે માધ્યમિક શિક્ષણ અંગેની નીતિ વિષયક બાબતો પરત્વે અને ખાસ કરીને, નીચેની બાબતો પરત્વે રાજ્ય સરકારને સલાહ આપવાની.—

(ક) માધ્યમિક શિક્ષણની યોગ્ય પધ્ધતિના ક્રમિક વિકાસની;

(ખ) માધ્યમિક શિક્ષણની આવી પધ્ધતિ માટે શૈક્ષણિક ધોરણો ઠરાવવાની અને તે જાળવવાની;

(ગ) માધ્યમિક શિક્ષણના સંબંધમાં રાષ્ટ્રની અને રાજયની નીતિનો સમન્વય સાધવાની;

(ઘ) શૈક્ષણિક આયોજન, કાર્યક્રમ અને વ્યવસ્થાને લગતી બાબતો ;

(૨) માધ્યમિક શિક્ષણને લગતા અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો વિષે રાજ્ય સરકારને ભલામણ કરવાની અને રજિસ્ટર થયેલી શાળામાં ઉપયોગ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક બોર્ડે તૈયાર કરેલ પાઠ્યપુસ્તકો મંજૂર કરવાની અને રાજ્ય સરકારને તેની ભલામણો કરવાની;

(૩) નોકરીમાં ચાલુ હોય તેવા શિક્ષકોને ફરી તાલીમ આપવા માટે કાર્યક્રમો યોજવાની ;

(૪) રજિસ્ટર થયેલી શાળાઓના વિદ્યાર્થીઓના શારીરિક, નૈતિક અને સામાજિક ઉત્કર્ષ માટે અને તેમનામાં શિસ્તની ભાવના કેળવવા માટે લેવાનાં પગલાં નક્કી કરવાની અને છાત્રાલયોમાં રાખવા માટેની રહેવાની સગવડતા ધોરણ ઠરાવવાની ;

(૫) બુધ્ધિશાળી વિદ્યાર્થીઓ પારખી કાઢવામાં અને તેમની શકિતને પૂર્ણ વિકાસ તરફ દોરી જવાના તેમના પ્રયાસમાં રજિસ્ટર થયેલી શાળાઓને માર્ગદર્શન અને સહાય આપવાની ;

(૬) માધ્યમિક શિક્ષણમાં ઉપયોગી શૈક્ષણિક પ્રયોગો અને સંશોધન કરવા માટે રજિસ્ટર થયેલી શાળાને પરવાનગી અને પ્રોત્સાહન આપવાની અને આવા પ્રયોગો અને સંશોધન કરવાની શરતો ઠરાવવાની ;

(૭) માધ્યમિક શાળાને રજિસ્ટર કરાવવા માટે તે શાળાના સંચાલકે પાળવાની શરતો ઠરાવવાની ;

(૮) શાળાના સંચાલકોને સુનાવણીની યોગ્ય તક આપ્યા પછી, બોર્ડનો એવો અભિપ્રાય થાય કે રજિસ્ટર થયેલી કોઈ શાળાએ રજિસ્ટ્રેશનની કોઈપણ શરતનું પાલન કર્યું નથી અથવા તે રજિસ્ટર થયેલી શાળાનું સંચાલન શિક્ષણના હિતથી પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે અથવા માધ્યમિક શિક્ષણનાં શૈક્ષણિક ધોરણ જળવાય તે માટે બોર્ડે કરેલાં સૂચનોનું પાલન તેણે કર્યું નથી. તો તેની નિભાવ ગ્રાન્ટમાં કાપ મુકવાની રાજ્ય સરકારને ભલામણ કરવાની ;

(૯) અભ્યાસક્રમ, પ્રશિક્ષણ અને પરીક્ષાના મૂલ્યાંકન અને સુધારણાના હેતુ માટે આંકડા વિષયક અને અન્ય સંશોધન કાર્ય કરવાની અને એવું સંશોધન કાર્ય કરવામાં રજિસ્ટર થયેલી શાળાઓને માર્ગદર્શન આપવાની ;

(૧૦) પરીક્ષાઓના સંચાલન માટે અને રજિસ્ટર થયેલી શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને ચઢાવવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેનાં ધોરણો નક્કી કરવાની;

(૧૧) રજિસ્ટર થયેલી શાળાના સ્ટાફની નિમણૂંક માટે લાયકાતો સહિતનાં ધોરણો અને રજિસ્ટર થયેલી શાળાઓના સંચાલન માટે મકાન, પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધનસામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજ-વસ્તુઓ માટેની જરૂરીયાતોનું ધોરણ ઠરાવવાની ;

(૧૨) પૂરક વાંચન માટેનાં તથા ગ્રંથાલયનાં પુસ્તકો માટે રજિસ્ટર થયેલી શાળાઓને ભલામણ કરવાની;

[૧] * * * * *

* * * * *

* * * * *

(૧૬) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોની શૈક્ષણિક કામગીરી અને વર્તણુંક ઉપર યોગ્ય અને અસરકારક નિયંત્રણ રાખવાની અને એવી શાળાના સંચાલકોને માટે સૂચનો આપવાની;

(૧૭) ધોરણ ૮ અને તેની ઉપરના માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સુધીના ધોરણોમાં પોતાને યોગ્ય લાગે તેવા વિષયોનું શિક્ષણ આપવા માટે માધ્યમિક શાળાઓને, ઠરાવેલી કાર્યરીતિ અનુસાર રજિસ્ટર કરવાની અને એવી શાળાઓમાં ઉપલાં ધોરણો અથવા ચાલુ ધોરણોનાં વધુ વર્ગો ખોલવાની પરવાનગી આપવાની;

(૧૮) ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી માધ્યમિક શાળાનું રજિસ્ટ્રેશન પૂર્ણતઃ અથવા અંશતઃ પાછું ખેંચવાની;

(૧૯) રજિસ્ટર થયેલી શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની શરતો નક્કી કરવાની ;

(૨૦) રજિસ્ટર થયેલી શાળાના કોઈપણ ધોરણના વર્ગમાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ સંખ્યા ઠરાવવાની ;

(૨૧) રજિસ્ટર થયેલી એક શાળામાંથી બીજી શાળામાં વિદ્યાર્થીઓની ફેરબદલી માટે શરતો ઠરાવવાની ;

(૨૨) રજિસ્ટર થયેલી શાળાઓના સત્ર, રજાઓ અને વેકેશનો માટેની વ્યવસ્થાનું નિયમન કરવાની ;

(૨૩) રજિસ્ટર થયેલી શાળાઓએ શૈક્ષણિક બાબતોના સંબંધમાં રજિસ્ટરો અને અન્ય રેકર્ડો તૈયાર કરવાની અને રાખવાની પધ્ધતિનું નિયમન કરવાની ;

(૨૪) રજિસ્ટર થયેલી શાળાઓની, પોતે અધિકૃત કરેલી વ્યકિત, દ્વારા શૈક્ષણિક તપાસણી કરાવવાની અને તેમાં શિક્ષણનું યોગ્ય ધોરણ જળવાનું હોય અને તેમાં ગ્રંથાલય અને પ્રયોગશાળા માટે પૂરતી જોગવાઈ થઈ હોય તે જોવા માટે પગલાં લેવાની ;

(૨૫) રજિસ્ટર થયેલી શાળામાંથી કોઈ રિપોર્ટ અને માહિતી મંગાવવાની ;

(૨૬) લાયકાતો, પસંદગીની પધ્ધતિ અને નિમણૂંક અને બઢતી નોકરીની સમાપ્તિની શરતો અને રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના હેડમાસ્તર અને શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની વર્તણુંક અને શિસ્ત માટેના નિયમો નક્કી કરવાની ;

(૨૭) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બોર્ડ નક્કી કરે અથવા રાજ્ય સરકાર તેને સોંપે તેવી બીજી પરીક્ષામાં (જેનો આમાં હવે પછી "બીજી પરીક્ષા" તરીકે ઉલ્લેખ કર્યો છે) રીતસરના અને ખાનગી ઉમેદવારોના પ્રવેશ માટેની શરતો નક્કી કરવાની;

(૨૮) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું અને બીજી પરીક્ષાઓનું સંચાલન કરવાની અને પરીક્ષાઓ પસાર કરનાર ઉમેદવારોને પ્રમાણપત્રો આપવાની ;

---

૧. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૩થી ખંડ (૧૩), (૧૪) અને (૧૫) કમી કર્યા છે.

(૨૯) રજિસ્ટર થયેલી શાળાઓને માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષાઓનાં સંચાલનમાં સહકાર આપવાનું ફરમાવવાની;

(૩૦) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષાઓના સંચાલન માટે અને ઉમેદવારોના કાર્યના મૂલ્યાંકન માટે અને પરિણામો સંકલિત કરી જાહેર કરવા માટે પ્રાશ્નિકો, પરીક્ષકો, મોડરેટરો, સુપરવાઈઝરો અને બીજા જરૂરી કર્મચારીઓ નીમવાની ;

(૩૧) બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષા માટે કેન્દ્રો ખોલવાની;

(૩૨) બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષાઓમાં બેસતા ઉમેદવારોનાં પરિણામો જાહેર કરવાની ;

(૩૩) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને રજિસ્ટર થયેલી શાળાની બીજી પરીક્ષાઓ અથવા વહીવટના સંબંધમાં થયેલી ગેરરીતિના કેસોનો ઠરાવેલી કાર્યરીતિ અનુસાર નિકાલ કરવાની ;

(૩૪) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સહિતની રજિસ્ટર થયેલી શાળાની તમામ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના કાર્યનું સામાન્યત: મૂલ્યાંકન કરવાની ;

(૩૫) શિષ્યવૃત્તિઓ, વૃત્તિકા, ચંદ્રકો, પારિતોષિકો અને બીજા ઈનામો કાઢવાની અને એનાયત કરવાની અને તે માટેની શરતો ઠરાવવાની ;

(૩૬) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો કાઢવાની વ્યવસ્થા કરવાની ;

(૩૭) પોતાના ફંડનો વહીવટ કરવાની ;

(૩૮) ગ્રાન્ટો, વસિયતી બક્ષિસો, દાન, દેણગીઓ, ટ્રસ્ટો અને કોઈ મિલકતની અથવા તેના હિત અથવા હકની તબદીલી સ્વીકારવાની ;

(૩૯) ખંડ (૩૮)માં ઉલ્લેખેલી કોઈ મિલકત, હિત અથવા હક ધરાવવાની અને તેનો વહીવટ અને નિકાલ કરવાની ;

(૪૦) ઠરાવવામાં આવે તેવી ફી, રોયલ્ટી અને દંડ સહિતના ચાર્જ માટે માગણી કરવાની અને તે મેળવવાની;

(૪૧) વાર્ષિક રિપોર્ટો, વાર્ષિક હિસાબો ઉપર વિચારણા કરવાની અને તે મંજૂર કરવાની અને નાણાંકીય અંદાજો તૈયાર કરવાની અને રાજ્ય સરકારને મંજૂરી માટે તે મોકલવાની ;

(૪૨) રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના સંબંધમાં કલમ-૪૪ હેઠળ નોટિસ મળ્યેથી, રજિસ્ટર થયેલી કોઈ વિદ્યમાન શાળાના સંચાલકોને બંધ કરવા ધારેલી શાળા ચાલુ કામગીરી બજાવતી રહે તે માટે જરૂરી લાગે તેવા પગલાં લેવાને ઉત્તેજન આપવાની અથવા તેવા હેતુ માટે નવું સંચાલક મંડળ રચવા માટે પ્રોત્સાહન આપવાની ;

(૪૩) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુઓ માટે વિનિયમો કરવાની ;

(૪૪) બોર્ડ અને સમિતિઓએ અનુસરવાની કાર્યરીતિ, બોર્ડ અને સમિતિઓના સભ્યોને આપવાનાં મુસાફરી ભથ્થાં જેવી બાબતો અને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમોથી, જેના માટે જોગવાઈ કરી ન હોય તેવી, બોર્ડ અને તેની સમિતિઓને જ લગતી બીજી કોઈ બાબત માટે ઉપનિયમો કરવાની ;

(૪૫) આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને સોંપવામાં આવે તે સત્તા વાપરવાની અને તેના ઉપર મૂકવામાં આવે તે ફરજો બજાવવાની ;

(૪૬) આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે જરૂરી હોય તેવાં તમામ કાર્યો કરવાની.

**સમિતિઓ.** ૧૮ (૧) પોતાનાં કાર્યો બજાવવા માટે બોર્ડ પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિ અને પરીક્ષા સમિતિ નીમશે, અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી સમિતિઓ નીમી શકશે અને બોર્ડ જે કોઈ વ્યક્તિ બોર્ડનો સભ્ય ન હોય તેને એવી કોઈ સમિતિના સભ્ય તરીકે નીમે તો તે કાયદેસર ગણાશે :

પરંતુ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનું નામ એવી કોઈ સમિતિના સભ્ય તરીકે બોર્ડ નિર્દિષ્ટ કરે તેમાં આ પેટા કલમના કોઈપણ મજકૂરથી બાધ આવે છે એમ ગણાશે નહિ ;

વધુમાં અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનું નામ કોઈ સમિતિના સભ્ય તરીકે નિર્દિષ્ટ કરવામાં આવે, તો તેવા પ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ એવી સમિતિના અધ્યક્ષ રહેશે.

(૨) પેટા–કલમ (૧) માં જણાવેલી જોગવાઈઓને અધીન રહીને, પેટા–કલમ (૧) હેઠળ બોર્ડે નીમેલી દરેક સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેણે બજાવવાના બોર્ડનાં કાર્યો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

સ્પષ્ટીકરણ—આ કલમના હેતુ માટે બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેના સભ્યો છે એમ ગણાશે .

**અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની સત્તા.**

૧૯. (૧) અધ્યક્ષ, હાજર હોય, ત્યારે બોર્ડની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ એવી બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે;

પરંતુ બોર્ડની બેઠકમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, બંને ગેરહાજર હોય, તો હાજર રહેલા સભ્યો તે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા માટે પોતાનામાંથી એક સભ્યને ચૂંટશે.

(૨) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો અને ઉપ-નિયમોની જોગવાઈઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે છે તે જોવાની અધ્યક્ષની ફરજ રહેશે અને તેને આ હેતુ માટે તમામ જરૂરી સત્તા રહેશે.

(૩) અધ્યક્ષના અભિપ્રાય મુજબ જેમાં તાત્કાલિક પગલાં લેવાં જરૂરી હોય તેવા તાકીદના પ્રસંગે તેઓ પોતાને જરૂરી લાગે તે પગલાં લેશે અને પોતે લીધેલાં પગલાં વિષે બોર્ડની આગામી બેઠકમાં બોર્ડને જાણ કરશે.

(૪) કલમ ૧૫માં ઠરાવ્યા પ્રમાણે બોર્ડની બેઠકો બોલાવવાની અને બેઠક સમક્ષ મુકવાનું કામકાજ જણાવવાની અધ્યક્ષને સત્તા રહેશે.

(૫) અધ્યક્ષ, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૬) ઉપાધ્યક્ષ, ઠરાવવામાં આવે તેવાં અથવા અધ્યક્ષ વખતોવખત તેને સોંપે તેવાં ફરજો અને કાર્યો બજાવશે.

(૭) કલમ ૭ની જોગવાઈઓને અધીન રહીને, ઉપાધ્યક્ષ, અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષ તરીકે કામગીરી બજાવશે અને તે પ્રમાણે કામગીરી બજાવતા હોય, ત્યારે તેઓ અધ્યક્ષની તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો અને કાર્યો બજાવશે.

(૮) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, બોર્ડની અને તેની જે સમિતિમાં તેમનાં સભ્યો તરીકે નામ હોય તેની તમામ જોગવાઈઓમાં મત આપવાનો હક વાપરવા સહિત ભાગ લેવા હકદાર રહેશે, પરંતુ અન્યથા જોગવાઈઓ કરવામાં આવી હોય તે સિવાય, તેઓ બોર્ડના સભ્યો છે એમ ગણાશે નહિ.

**બોર્ડનાં સેક્રેટરીની અને સંયુક્ત અને મદદનીશ સેક્રેટરીઓની નિમણૂંક, સત્તા અને ફરજો.**

૨૦. (૧) બોર્ડને એક સેક્રેટરી રહેશે, જેની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.

(૨) અધ્યક્ષના નિયંત્રણને અધીન રહીને સેક્રેટરી બોર્ડના કારોબારી અધિકારી રહેશે અને બોર્ડ હેઠળ તે સમયે નોકરી કરતાં બીજા તમામ અધિકારીઓ અને નોકરો તેના તાબામાં રહેશે.

(૩) તે, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે.

(૪) બોર્ડની અને સમિતિઓની બેઠકોમાં હાજર રહેવાને તે હકદાર રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહિ.

(૫) બોર્ડની જરૂરિયાતો લક્ષમાં લેતાં, રાજ્ય સરકાર, બોર્ડ માટે પોતાને નીમવા યોગ્ય લાગે તેટલા એક અથવા વધારે સંયુક્ત સેક્રેટરીઓને અથવા મદદનીશ સેક્રેટરીઓને નીમી શકશે.

(૬) સેક્રેટરી, અધ્યક્ષના સામાન્ય અથવા ખાસ હુકમોથી અનુક્રમે સંયુક્ત સેક્રેટરી અથવા મદદનીશ સેક્રેટરીને સોંપે તેવી સેક્રેટરીની સત્તા તેઓ વાપરશે અને તેવી ફરજો બજાવશે.

બોર્ડના અન્ય અધિકારીઓ અને નોકરો.

૨૧. બોર્ડ આ અધિનિયમ હેઠળનાં કાર્યો બજાવી શકે તે માટે જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને નોકરોને રાજ્ય સરકાર નીમી શકશે :

પરંતુ રાજ્ય સરકાર હુકમ કરીને અધ્યક્ષ અથવા સેક્રેટરીને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વર્ગોના નોકરો નીમવાની સત્તા સોંપી શકશે.

બોર્ડના સેક્રેટરી, સંયુક્ત અથવા મદદનીશ સેક્રેટરીઓ અને નોકરોનાં પગાર અને ભથ્થાં અને નોકરીની બીજી શરતો.

૨૨. આ અધિનિયમ હેઠળ નીમવામાં આવેલા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સેક્રેટરી, સંયુક્ત અને મદદનીશ સેક્રેટરીઓ અને અન્ય અધિકારીઓ અને નોકરો, રાજ્ય સરકારના નોકરો ગણાશે અને તેઓ તેમનાં પગાર અથવા યથાપ્રસંગ માનવેતન અને ભથ્થાં રાજ્યના એકત્રિત ફંડમાંથી મેળવશે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સિવાયના આ અધિકારીઓનાં પગાર અને ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર નક્કી કરે તેવાં રહેશે.

## પ્રકરણ ૩

## નાણાં હિસાબ અને ઓડીટ.

બોર્ડનું ફંડ, તેની કસ્ટડી અને તેનું રોકાણ.

૨૩. (૧) બોર્ડને તેનું પોતાનું ફંડ રહેશે અને તેમાં નીચેના નાણાં જમા કરવામાં આવશે :—

(ક) તેણે લીધેલી ફી, રોયલ્ટી અને ચાર્જ (ઠરાવેલા દંડ સહિત);

(ખ) રાજ્ય સરકારે કોઈ ગ્રાન્ટ, એસાઈનમેન્ટ, ફાળા અને લોન આપી હોય, તો તે;

(ગ) તેને કોઈ વસિયતી બક્ષિસ, દાન અને દેણગી અથવા બીજા ફાળા આપવામાં આવ્યા હોય તો તે;

(ઘ) તેનામાં નિહિત થયેલી જામીનગીરીઓ ઉપરનું વ્યાજ અને તે । વેચાણની ઉપજ;

(ચ) તેનામાં નિહિત થયેલી મિલકતમાંથી મળતાં તમામ ભાડાં અને નફો;

(છ) તેને અથવા તેના વતી મળેલાં તમામ નાણાં;

(૨) બોર્ડનું ફંડ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એકટ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ અનુસૂચિત બેન્કમાં, પોસ્ટલ સેવિંગ્ઝ બેન્કમાં અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૫ હેઠળ રાજ્ય સરકારે મંજૂર કરેલી સહકારી બેન્કમાં રાખવામાં આવશે અથવા બોર્ડની વિવેકબુદ્ધિ અનુસાર તે ફંડનું રોકાણ ભારત ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨થી અધિકૃત કરેલી સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવશે.

સન ૧૯૩૪ નો ૨જો.

સન ૧૯૫૦ નો મુંબઈ-નો ૨૯મો.

સન ૧૮૮૨ નો ૨જો.

બોર્ડ ફંડમાંથી પગાર, પેન્શન, વગેરે પેટે ખર્ચ આપવા બાબત.

૨૪. બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સેક્રેટરી, સંયુક્ત સેક્રેટરીઓ અને મદદનીશ સેક્રેટરીઓ અને બીજા અધિકારીઓ અને સ્ટાફના પગાર અથવા માનવેતન, પેન્શન, રજા અને અન્ય ભથ્થાં પેટે રાજ્ય સરકાર નક્કી કરે તેટલી રકમ, બોર્ડ દર વર્ષે પોતાના ફંડમાંથી રાજ્ય સરકારને ચૂકવવી જોઈશે.

૨૫. રાજ્ય વિધાનમંડળે આ માટે કાયદાથી કરેલા યોગ્ય વિનિયોગ પછી રાજ્ય સરકાર આ અધિનિયમ હેઠળ બોર્ડ પોતાનાં કાર્યો બજાવી શકે તે માટે પોતાને જરૂરી લાગે તેટલી ગ્રાન્ટ બોર્ડને આપશે. *બોર્ડને ગ્રાન્ટ.*

૨૬. (૧) આ માટે ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને બોર્ડ પોતાના માટે પૂરતી આવકનાં સાધનોની જોગવાઈ કરવા માટે ખુલ્લા બજારમાં અથવા બીજી રીતે નાણાં ઉછીનાં લઈ શકશે. *નાણાં ઉછીનાં લેવાની બોર્ડની સત્તા.*

(૨) પેટા-કલમ (૧) હેઠળ નાણાં ઉછીનાં લેવામાં આવે તે વખતે રાજ્ય સરકાર નક્કી કરે તે શરતોએ મુદ્દલની રકમની ભરપાઈ અંગે અને તે દરે વ્યાજની ચૂકવણી અંગે રાજ્ય સરકાર, એ રીતે ઉછીનાં લીધેલાં તમામ નાણાં માટે બાંયધરી આપી શકશે.

(૩) પોતાના માટે પૂરતાં નાણાંના સાધનોને પ્રબંધ કરવાના હેતુ માટે બોર્ડ, સંસ્થાઓ અથવા લોકો પાસેથી અનામતો સ્વીકારી શકશે.

૨૭. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડના ફંડનો ઉપયોગ આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલી બાબતોને આનુષંગિક ચાર્જ અને ખર્ચ ચૂકવવા પેટે જ અને આ અધિનિયમ હેઠળ અને તેની રૂએ બીજા જે હેતુ માટે બોર્ડને સત્તા સોંપવામાં આવે અથવા તેના ઉપર ફરજો મૂકવામાં આવે તે હેતુ માટે જ કરવો જોઈએ. *ફંડનો ઉપયોગ.*

૨૮. બોર્ડે આ માટે યોગ્ય રીતે અધિકૃત કરેલા બે અધિકારીઓએ સહી કરેલા ચેક અથવા લેટર ઓફ ક્રેડીટ સિવાય કોઈ બેન્કમાંથી બોર્ડ નાણાં ઉપાડી શકશે નહિ. *ફંડમાંથી નાણાં કેવી રીતે ઉપાડવાં.*

૨૯. ઠરાવવામાં આવે તે તારીખ પહેલાં અને તે રીતે બોર્ડે આગામી નાણાંકીય વર્ષ માટે બોર્ડની આવક અને ખર્ચના બજેટના અંદાજો તૈયાર કરવાં જોઈશે અને નાણાંકીય વર્ષની શરૂઆતથી ત્રણ મહિના અગાઉ રાજ્ય સરકારને તે સાદર કરવાં જોઈશે. રાજ્ય સરકાર બોર્ડના બજેટના અંદાજોના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તે હુકમો કરી શકશે અને જે તારીખે તે અંદાજો તેને સાદર કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર બોર્ડને તે જણાવી શકશે અને બોર્ડે તે હુકમોનો અમલ કરવો જોઈશે. *વાર્ષિક બજેટ અંદાજો તૈયાર કરવા બાબત.*

૩૦. બોર્ડે રાજ્ય સરકારને ઓડિટ માટે આવક અને ખર્ચના વાર્ષિક હિસાબ મોકલવા જોઈશે. રાજ્ય સરકાર તે હિસાબનું ઓડિટ કરાવશે અને બોર્ડ ઓડિટ માટે રાજ્ય સરકાર નક્કી કરે તે ચાર્જ ચૂકવશે *વાર્ષિક હિસાબ અને ઓડિટ.*

## પ્રકરણ-૪

## રજિસ્ટ્રેશન

૩૧. (૧) કોઈ શાળાને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રજિસ્ટર કરવામાં ન આવે, તો કોઈ વ્યક્તિથી તેવી શાળા દ્વારા માધ્યમિક શિક્ષણ આપી શકાશે નહિ. *રજિસ્ટ્રેશન વિના માધ્યમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધ.*

(૨) નિયત દિવસ પછી બનતી ત્વરાએ બોર્ડે આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર માધ્યમિક શાળાનું રજિસ્ટર તૈયાર કરવું જોઈશે અને ત્યારપછી તે રાખવું જોઈશે.

(૩) રજિસ્ટરમાં ઠરાવવામાં આવે તે વિગતોનો સમાવેશ થશે.

(૪) કોઈ શાળા સ્થાપીને માધ્યમિક શિક્ષણ આપવા ઈચ્છતી દરેક વ્યક્તિ, ઠરાવવામાં આવે તે નમૂનામાં અરજી કરે અને તેટલી ફી ભરે એટલે, તે શાળાનું નામ, માધ્યમિક શાળાના રજિસ્ટ્રેશન માટે બોર્ડે કરાવેલી શરતોનું પાલન કરવાને અધીન રહીને, રજિસ્ટરમાં દાખલ કરાવવાને હકદાર થશે.

(૫) પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય છતાં, નિયત દિવસની તરત પહેલાં માન્ય શાળા હોય તેવી દરેક માધ્યમિક શાળાનું નામ નિયત દિવસથી રજિસ્ટરમાં દાખલ કરવામાં આવશે અને રજિસ્ટરમાં દાખલ કરેલું છે એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી, તેમાં તે ચાલુ રહેશે.

(૬) બોર્ડ, ઠરાવવામાં આવે તે રીતે, રજિસ્ટ્રેશન માટેની આવી દરેક અરજીના સંબંધમાં વિચારણા કરશે અને તપાસ કરશે અને ત્યારપછી બોર્ડને અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેનો નિર્ણય કરશે.

(૭) પૂર્વવર્તી જોગવાઈઓ અનુસાર રજિસ્ટર તૈયાર કરવામાં આવે, ત્યારે બોર્ડે રાજપત્રમાં અને પોતે પસંદ કરે તે વર્તમાનપત્રોમાં નોટિસ પ્રસિધ્ધ કરવી જોઈશે અને તેમાં નિર્દિષ્ટ કરેલી તારીખ સુધીમાં રજિસ્ટરમાં દાખલ કરવામાં આવેલા માધ્યમિક શાળાનાં નામોવાળું રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે તે જણાવવું જોઈશે.

(૮) રજિસ્ટર થયેલી દરેક શાળાને, ઠરાવવામાં આવે તે નમૂનામાં, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૯) ઠરાવેલી રીતે બોર્ડ યોગ્ય તપાસ કર્યા પછી, રજિસ્ટર થયેલી શાળાનો વહીવટ સંભાળનાર વ્યક્તિ આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ તેના ઉપર મુકવામાં આવેલી કોઈપણ ફરજનું અથવા બોર્ડ તેને આપેલી કોઈપણ સૂચનાનું પાલન કરવામાં કસૂર કરી હોવાનું જણાય, ત્યારે બોર્ડ, એવી વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી અથવા કાયમ માટે રજિસ્ટરમાંથી તે શાળાનું નામ કાઢી નાખવાનો આદેશ કરશે.

(૧૦) પેટા-કલમ (૬) અથવા પેટા-કલમ (૯) હેઠળ બોર્ડના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, જે તારીખે આવા નિર્ણયની તેને જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ જરૂરી સ્ટેમ્પમાં ફી સાથે ૫ રૂ. શાળાનો ઠરાવ કરી શકશે અને રાજ્ય સરકાર અપીલની અરજી રજૂ થયાની તારીખથી બે મહિનાની અંદર અપીલનો નિર્ણય કરશે અને આવી અપીલમાંનો નિર્ણય આખરી ગણાશે.

(૧૧) પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી બોર્ડ, કોઈપણ સમયે આદેશ કરી શકશે કે એ રીતે કાઢી નાખેલું શાળાનું નામ ઠરાવવામાં આવે તે શરતે અને તેટલી ફી ભર્યેથી અને બોર્ડને મુકવી યોગ્ય લાગે તેથી વધુ શરતોએ રજિસ્ટરમાં ફરી દાખલ કરવું.

(૧૨) રજિસ્ટર થયેલી કોઈ શાળાનું નામ પેટા-કલમ (૯) હેઠળ રજિસ્ટરમાંથી કાઢી નાખવામાં આવે, તો તેનો વહીવટ સંભાળનાર વ્યક્તિને આપવામાં આવેલું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ થયું છે એમ ગણાશે અને એવી વ્યક્તિએ બોર્ડને અથવા બોર્ડે આ માટે અધિકૃત કરેલા કોઈ અધિકારીને તે પ્રમાણપત્ર તુરત પાછું સોંપવું જોઈશે. રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કર્યાની બાબત બોર્ડે રાજ્યપત્રની અને પોતે પસંદ કરે તેવા વર્તમાનપત્રોમાં જાહેર કરવી જોઈશે.

(૧૩) બોર્ડની કચેરીમાં તમામ વાજબી સમયે કોઈ વ્યક્તિએ તપાસવા માટે રજિસ્ટર ખુલ્લું રહેશે.

રજિસ્ટર અદ્યતન રાખવા બાબત.

૩૨. કલમ ૩૧ની પેટા-કલમ (૭)માં ઉલ્લેખેલી તારીખ પછી રજિસ્ટરમાં વધારાની નોંધો કરવાના અને તમામ નોંધો વખતોવખત સુધારવાની અને આ અધિનિયમ, વિનિયમોની જોગવાઈઓ અને બોર્ડની સુચનાઓ અનુસાર શાળાઓના સંબંધમાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવાની અથવા તે રદ કરવાની બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીની ફરજ રહેશે.

## પ્રકરણ—૫

### વહીવટ રાજ્ય હસ્તક લેવા બાબત.

રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય હસ્તક લેવા બાબત.

૩૩. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય છતાં, રાજ્ય સરકારને એમ લાગે કે રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના વ્યવસ્થાપકે આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ તેના ઉપર મુકવામાં આવેલી કોઈપણ ફરજનું પાલન કરવામાં બેદરકારી બતાવી છે અને તે શાળાનો વહીવટ પોતાને હસ્તક લઈ લેવો તે જાહેર હિતમાં જરૂરી છે, તો રાજ્ય સરકાર એવી શાળાના વ્યવસ્થાપકને સૂચિત પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી અને તેણે કોઈ કારણ દર્શાવ્યું હોય, તો તેને વિચારણામાં લીધા પછી, રાજ્ય સરકાર, વખતોવખત પોતે નક્કી કરે તેટલી મુદત સુધી શાળાનો વહીવટ પોતાને હસ્તક લઈ શકશે. પરંતુ તે એવી રીતે કે સદરહુ મુદત એકંદર પાંચ વરસથી વધુ હોવી જોઈશે નહિ.

(૨) પેટા-કલમ (૩) હેઠળ કોઈ શાળાનો વહીવટ પોતાને હસ્તક લેવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે શાળાનો વહીવટ પોતાના હસ્તક લીધાની તરત જ પહેલાં તેમાં આપવામાં આવતી શૈક્ષણિક સવલતો ઓછી ન થાય તે રીતે તે શાળાનો વહીવટ કરવો જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરેલી મુદત પૂરી થયા પહેલાં રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે પોતે તે શાળાનો વહીવટ કરવાનું ચાલુ રાખવાનું જરૂરી નથી, તો શાળાનો વહીવટ તે શાળાના વ્યવસ્થાપકને પાછો સોંપવામાં આવશે અને કોઈપણ દાખલામાં તે રીતે નક્કી કરેલી મુદત પૂરી થયે અથવા પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી પાંચ વરસની મુદતના અંતે એવો વહીવટ તે શાળાના વ્યવસ્થાપકને પાછો સોંપવામાં આવ્યો છે એમ ગણાશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કોઈ શાળાનો વહીવટ શાળાના વ્યવસ્થાપકને પાછો સોંપવાનો હોય અથવા પાછો સોંપેલો ગણાતો હોય, ત્યારે રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી કોઈ તપાસ કર્યા પછી જે વ્યક્તિને શાળાનો વહીવટ અને કબજો સોંપવાનો હોય તે વ્યક્તિને (જેનો આ કલમમાં હવે પછી "નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) લેખિત હુકમથી નિર્દિષ્ટ કરી શકશે અને આવી નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને શાળાનો વહીવટ અને કબજો સોંપશે આવી રીતે વહીવટ અને કબજો સોંપવાથી રાજ્ય સરકાર એવી સોંપણી અંગેની તમામ જવાબદારીઓમાં પૂરેપૂરી મુક્ત થશે. પરંતુ જેને શાળાનો વહીવટ અને કબજો એવી રીતે સોંપવામાં આવ્યો હોય તે વ્યક્તિ સામે અમલ કરવા માટે કાયદાનીરૂએ હકદાર થાય તેવી બીજી કોઈ વ્યક્તિના એ શાળા અંગેના કોઈ હકને બાધ આવશે નહીં.

(૫) નિર્દિષ્ટ કરેલી વ્યકિત મળી શકે તેમ ન હોય અથવા તેને તેના વતી શાળાનો વહીવટ અને કબજો સ્વીકારવા માટે અધિકૃત કરેલા કાયદેસરનો એજન્ટ અથવા અન્ય વ્યકિત ન હોય અથવા નિર્દિષ્ટ કરેલી વ્યકિત અથવા તેનો કાયદેસરનો એજન્ટ આવો વહીવટ અથવા કબજો સ્વીકારે નહીં ત્યારે રાજ્ય સરકાર રાજપત્રમાં નોટિસ પ્રસિદ્ધ કરાવી જાહેર કરી શકશે કે આવી શાળાના વહીવટ અને કબજો નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓને સોંપેલા છે એમ ગણાશે અને આવી નોટિસ શાળાના મકાનના કોઈ સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગ પર પણ ચોંટાડાવશે.

(૬) પેટા-કલમ (૫)માં ઉલ્લેખેલી નોટિસ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે, ત્યારે—

(ક) આવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મિલકત, આવી પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી રાજ્ય સરકાર-ના નિયંત્રણ અને વહીવટને અધીન હોવી બંધ થશે;

(ખ) આવી શાળા અને તેની મિલકતોનો કબજો, તેના કબજા માટે હકદાર વ્યકિતને આવી તારીખે સોંપવામાં આવ્યો છે એમ ગણાશે; અને

(ગ) રાજ્ય સરકાર, સદરહુ તારીખ પછી કોઈપણ મુદત માટે આવી શાળા અને તેની મિલકતોના સંબંધમાં કંઈપણ ભાડા, વળતર અથવા બીજા કોઈ દાવા માટે જવાબદાર રહેશે નહીં.

(૭) આ કલમમાંનો કોઈપણ મજકુર ધર્મ અથવા ભાષા ઉપર આધારિત કોઈ લઘુમતિ દ્વારા સ્થાપિત અને સંચાલિત કોઈ શૈક્ષણિક સંસ્થાને લાગુ પડશે નહીં.

## પ્રકરણ—૬

### રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં નોકરી સંબંધી જોગવાઈઓ

૩૪. (૧) રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફની જગાઓમાંથી પંદર ટકા જેટલી જગાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદીજાતિઓની વ્યકિતઓમાંથી ભરવાની રહેશે; *(રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં નીમવાની વ્યકિતઓની ભરતી અને તેમની નોકરીની શ.તો.)*

પરંતુ આવી કોઈ જગા ભરવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કોઈ વ્યકિત મળતી ન હોય, ત્યારે તે જગા આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરી હોય તે રીતે ભરવી જોઈશે.

સ્પષ્ટીકરણ.—આ પેટા—કલમમાં,—

(ક) "અનુસૂચિત જાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય, તે જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓ અથવા આવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(ખ) "અનુસૂચિત આદિજાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(૨) પેટા-કલમ(૧)ને અધીન રહીને, બોર્ડ વિનિયમોથી રાજ્યમાંની રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં હેડમાસ્તર, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નીમવાની વ્યકિતઓની ભરતી અને વર્તણૂક અને શિસ્ત સહિત તેમની નોકરીની શરતોનું નિયમન કરશે;

પરંતુ બાંયધરી આપેલા સ્ટાફને નિયત તારીખની તરત જ પહેલાં લાગુ પડતી નોકરીની શરતોમાં રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી સિવાય તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકશે નહીં:

વધુમાં ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળા, બોર્ડની પૂર્વ મંજૂરીથી ઉત્તર બુનિયાદી શિક્ષણના મૂળભૂત પ્રકાર અને વિચાર સાથે સુસંગત હોય અને તે શાળાના હેડ માસ્તર, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નિમાયેલી વ્યકિતઓની નોકરીની શરતોનું નિયમન કરવા માટે બોર્ડ કરેલા વિનિયમો સાથે અસંગત ન હોય તેવા વધુ વિનિયમો કરે, તો તે કાયદેસર ગણાશે.

૩૫. (૧) રજિસ્ટર થયેલી દરેક ખાનગી માધ્યમિકશાળા માટે નીચેની બે સમિતિઓ રહેશે :— *(રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ માટે પસંદગી સમિતિઓ રહેશે.)*

(ક) હેડમાસ્તર સિવાય શાળાના શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે શાળા સ્ટાફ પસંદગી સમિતિ;

(ખ) હેડમાસ્તરની ભરતી માટે અને નિયત તારીખ પછી શરૂ થયેલી શાળાના હેડમાસ્તર અને શૈક્ષણિક સ્ટાફની પ્રારંભિક ભરતી માટે ખાસ શાળા સમિતિ.

(૨) શાળા સ્ટાફ પસંદગી સમિતિ નીચેના સભ્યોની બનશે:—

(૧) શાળાના સંચાલકોએ નિયુક્ત કરવાના તેમના બે પ્રતિનિધિઓ;

(૨) શાળાના હેડમાસ્તર;

(૩) જે શાળામાં શિક્ષકોની સંખ્યા કુલ છ કરતાં વધુ હોય તે શાળાની બાબતમાં, શાળાના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટવાના બે શિક્ષકો અને જે શાળામાં શિક્ષકોની કુલ સંખ્યા છ અથવા તેથી ઓછી હોય તે શાળાની બાબતમાં, શાળાના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટવાનો એક શિક્ષક અને

(૪) બોર્ડે નિયુક્ત કરવાનો પોતાનો એક પ્રતિનિધિ;

(૩) ખાસ શાળા સમિતિ નીચેના સભ્યોની બનશે:—

(૧) શાળાના સંચાલકોએ નિયુક્ત કરવાના તેમના બે પ્રતિનિધિઓ;

(૨) બોર્ડે નિયુક્ત કરવાના બે પ્રતિનિધિઓ.

(૪) કલમ ૩૪ની પેટા કલમ (૧)ની જોગવાઈઓને અધીન રહીને, યથાપ્રસંગ, શાળા સ્ટાફ પસંદગી સમિતિ અથવા ખાસ શાળા સમિતિ, [[1] જે વ્યક્તિઓ આ અર્થે કરેલા વિનિયમો અનુસાર તે તરીકે નીમાવાને લાયક હોય તે વ્યક્તિઓમાંથી] અમુક વ્યક્તિઓને શાળાના શિક્ષકો તરીકેની નિમણુંક માટે પસંદ કરશે:

પરંતુ આવી પસંદગીના હેતુ માટે, કોઈ સંરક્ષિત શિક્ષક બીજી રીતે લાયક અને યોગ્ય હોય તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૫) ખાસ શાળા સમિતિ પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલી વ્યક્તિઓમાંથી અથવા શાળાના શિક્ષકોમાંથી શાળાના હેડ-માસ્તરની જગા ઉપર નિમણુંક કરવા માટે વ્યક્તિઓ પસંદ કરશે;

પરંતુ આવી ખાસ પસંદગીના હેતુ માટે [2] [તેજ વહીવટ હેઠળની શાળા અથવા શાળાઓમાં નોકરી કરતા] સિનિયર શિક્ષક બીજી રીતે લાયક અને યોગ્ય હોય તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૬) જે વ્યક્તિઓમાંથી કોઈ શિક્ષક અથવા હેડમાસ્તરની પસંદગી કરવાની હોય તે વ્યક્તિઓમાં શાળાના સંચાલક મંડળના અથવા શાળાની વહીવટ સંભાળતા અન્ય મંડળના કોઈ સભ્ય સાથે અથવા યથા પ્રસંગ શાળા-સ્ટાફ પસંદગી સમિતિના અથવા ખાસ શાળા સમિતિના સભ્ય સાથે સગપણ ધરાવતો હોય તો એવી સમિતિનો સંબંધિત સભ્યે સમિતિના સભ્યોને એવા સગપણની હકીકત જાહેર કરવી જોઈશે અને આવી કોઈ વ્યક્તિને સમિતિ પસંદ કરે, તો તેની પસંદગી બોર્ડે આ માટે અધિકૃત કરેલા કોઈ અધિકારીની મંજુરીને અધીન રહેશે. સંબંધિત વ્યક્તિની પસંદગીની તારીખથી એક અઠવાડિયાની અંદર સમિતિએ આવી મંજુરી મેળવવાની રહેશે. અને બોર્ડના અધિકૃત અધિકારીએ તેનું લખાણ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈશે.

(૭) આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કોઈ હેડમાસ્તર અથવા શિક્ષકની કરેલી નિમણુંક અસરકારક થશે નહિ.

સ્પષ્ટીકરણ.—પેટા-કલમ (૧)ના હેતુ માટે કોઈ વ્યક્તિ નીચેના કોઈપણ એક નાતામાં કોઈ સભ્ય સાથે સંબંધ ધરાવતી હોય તો તે વ્યક્તિ તેના સગપણમાં થાય છે એમ કહેવાશે:—

પુત્ર, પૌત્ર, જમાઈ, ભાઈ, પુત્રી, પૌત્રી, પત્ની, ભત્રીજો, ફોઈઆત ભાન્ડુ અથવા મોસાઈ ભાન્ડુ, સાળા, બનેવી, પતિ, દિયર, જેઠ, નણંદ, સાળી, પુત્રવધુ અને ભાભી.

અમુક વ્યક્તિઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર.

૩૬. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યક્તિને—

(ક) તેના સંબંધમાં લેવા ધારેલા પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક વ્યવસ્થાપકે આપી ન હોય ત્યાં સુધી, અને

(ખ) બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીએ તેના સંબંધમાં લેવા ધારેલા પગલાંની લેખિત બહાલી આપી ન હોય ત્યાં સુધી.

વ્યવસ્થાપકથી બરતરફ અથવા પદચ્યુત કરી શકાશે નહિ અથવા નીચેની પાયરીમાં ઉતારી શકાશે નહિ—

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર જેને હંગામી મુદત માટે નીમવામાં આવે તેવી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

---

૧. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૪(૧) થી "જે વ્યક્તિઓના નામો કલમ ૧૭ના ખંડો (૧૩) અને (૧૪) હેઠળ બોર્ડે તૈયાર કરી રાખેલાં રજિસ્ટરો પૈકી કોઈપણ રજિસ્ટરમાં હોય તે વ્યક્તિઓમાંથી એ શબ્દો કૌંસ અને આંકડાને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૪ (૨) "થી 'શાળામાં નોકરી કરતાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા અધિકારીએ, સદરહુ ખંડ (ખ) હેઠળની દરખાસ્ત તેને મળ્યાની તારીખથી પીસ્તાલીસ દિવસની મુદતની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈશે અને એવી મુદતની અંદર સદરહુ અધિકારી વ્યવસ્થાપકને એવા નિર્ણયની જાણ ન કરે, તો સદરહુ ખંડ (ખ) હેઠળ લેવા ધારેલું પગલું, સદરહુ અધિકારીએ મંજૂર કર્યું છે એમ ગણાશે.

(૩) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની સામે કરવા ધારેલી કોઈ તપાસ અનિર્ણિત હોય ત્યાં સુધી, શાળાના વ્યવસ્થાપક તેને ફરજમાંથી મોકૂફ રાખે, ત્યારે એવી ફરજ મોકૂફીની હકીકત અને તે માટેનાં કારણો બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીને વ્યવસ્થાપકે તુરત જણાવવાં જોઈશે અને એવા અધિકારીને આ અંગેની જાણ કરવામાં આવે તે તારીખથી પીસ્તાલીસ દિવસની મુદતની અંદર એવા અધિકારીએ આવી ફરજ મોકૂફીને બહાલી આપવાની રહેશે અને સદરહુ અધિકારી એવી બહાલી સદરહુ મુદતની અંદર વ્યવસ્થાપકને જણાવે નહિ, તો સંબંધિત ફરજ મોકૂફી, એવી મુદત પૂરી થયે, અમલમાં ચાલુ રહેતી બંધ થશે.

(૪) રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક શાળાના હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય પોતાનું રાજીનામું આપવા માંગે, તો તેણે જાતે પોતાનું રાજીનામું સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવું જોઈશે અને રાજીનામું એવી રીતે આપવામાં આવ્યું હોય અને એવા અધિકારીએ યોગ્ય રીતે શેરો કરીને તેને મોકલાવ્યું હોય તે સિવાય વ્યવસ્થાપકે રાજીનામું સ્વીકારવું નહિ. આ પેટા-કલમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવેલું આવું કોઈ રાજીનામું સ્વીકારવામાં આવે, તો તે અસરકારક થશે નહિ.

(૫) પેટા-કલમ (૧)નાખંડ (ખ)હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત અધિકૃત અધિકારીના નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

૩૭. રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળા અને એવી શાળામાં હેડમાસ્તર, શિક્ષક અથવા બિન શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નોકરી કરતી હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે નિયત દિવસ પહેલાં અથવા તે પછી કરવામાં આવેલો દરેક કરાર, જેટલે અંશે આ અધિનિયમની રૂએ, અથવા તે હેઠળ તે વ્યકિતને મળેલો કોઈ હક લઈ લેતો હોય તેટલે અંશે, તે કરાર રદબાતલ ગણાશે. અમુક કરારો રદ બાતલ ગણાશે.

૩૮. (૧) રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના વ્યવસ્થાપક અને એવી શાળાના હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નોકરી કરતી હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે તે વ્યકિતની નોકરીની શરતો સંબંધી કોઈ તકરાર કે મતભેદ હોય, તો યથાપ્રસંગ વ્યવસ્થાપક અથવા તે વ્યકિત સદરહુ તકરારના નિર્ણય માટે ટ્રિબ્યુનલને અરજી કરી શકશે. ટ્રિબ્યુનલે તે કરારનો નિર્ણય કરવા બાબત.

(૨) નિયત દિવસથી રાજ્ય સરકારને અથવા તેના કોઈ અધિકારીને પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પ્રકારની કોઈ તકરારનો નિર્ણય કરવાની હકૂમત રહેશે નહિ અને નિયત દિવસની તરત પહેલાં રાજ્ય સરકાર અથવા તેના કોઈ અધિકારી સમક્ષ એવી કોઈ તકરાર નિકાલ બાકી હોય તો તે, નિયત દિવસ પછી બનતી ત્વરાએ તેના નિર્ણય માટે ટ્રિબ્યુનલને મોકલવી જોઈશે.

૩૯. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ માટે એક અથવા વધાર ટ્રિબ્યુનલ રચશે. ટ્રબ્યુનલ

(૨) ટ્રિબ્યુનલને સમગ્ર રાજ્યમાં અથવા જેના સંબંધિત આંકડા પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય તેવી અગાઉની છેલ્લી વસ્તી ગણતરીમાં નક્કી કરવામાં આવેલા બે લાખથી વધુ વસ્તીવાળા કોઈ શહેરના સંબંધમાં અથવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઈ જિલ્લા અથવા જિલ્લાઓના સમુહના સંબંધમાં હકૂમત રહેશે.

(૩) રાજ્ય સરકાર, કોઈ જિલ્લા ન્યાયાધીશને અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ રહી ચૂકી હોય અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ થવાની લાયકાત ધરાવતી હોય તેવી કોઈ વ્યકિતને ટ્રિબ્યુનલ તરીકે નીમશે.

(૪) કલમ ૩૮ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પ્રકારની તકરારો સ્વીકારવાની અને તેનો નિર્ણય કરવાની અને સદરહુ કલમ ૩૮ હેઠળ અથવા કલમ ૪૦ની પેટા-કલમ (૨) હેઠળ તેને કરેલી અથવા સોંપેલી તમામ અરજીઓ અને કાર્યવાહીઓના નિકાલ કરવાની અને નિર્ણય કરવાની તેમજ કલમ ૩૬ની પેટા-કલમ (૫) હેઠળ કરેલી અપીલો સ્વીકારવાની અને તેનો નિર્ણય કરવાની ટ્રિબ્યુનલની ફરજ રહેશે.

(૫) રાજ્ય સરકાર સામાન્ય હુકમથી ફરમાવે તેવી કાર્યરીતિ ટ્રિબ્યુનલ અનુસરશે.

(૬) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટને કોઈ દાવાની ઈન્સાફી કાર્યવાહી કરવામાં નીચેની બાબતોના સંબંધમાં જે સત્તા હોય છે તે જ સત્તા ટ્રિબ્યુનલને રહેશે. સન ૧૯૦૮ નો ૫મો.

(ક) કોઈ વ્યકિતને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેને સોગંદ ઉપર તપાસવાની;

(ખ) દસ્તાવેજો અને મુદ્દાની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાની;

(ગ) સાક્ષીઓ તપાસવા માટે કમિશનો કાઢવાની;

(ઘ) ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબતો;

અને ટ્રિબ્યુનલે કરેલી દરેક તપાસ અને અન્વેષણ ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે. સન ૧૮૬૦ નો ૪૫મો.

(૭) ટ્રિબ્યુનલ, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫ના હેતુ માટે કોર્ટ તરીકે ગણાશે. સન ૧૯૬૩ નો ૩૬મો.

(૮) ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને તેણે નિર્ણય કરેલી બાબતોના સંબંધમાં કોઈ દીવાની કોર્ટમાં દાવો માંડી શકાશે નહિ.

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યને બરતરફ, પદચ્યુત કર્યાના અથવા પાયરીમાંથી ઉતાર્યાના કોઈ હુકમ ખોટો, ગેરકાયદેસર અથવા અન્યથા અન્યાયી હોવાનો ટ્રિબ્યુનલ નિર્ણય કરે, ત્યારે ટ્રિબ્યુનલ એવું ફરમાવતો હુકમ કરી શકશે કે હેડમાસ્તર, શિક્ષક અથવા યથાપ્રસંગ, બિન-શૈક્ષણિક સ્ટાફના સંબંધિત સભ્યને, વ્યવસ્થાપકે નોકરીમાં પાછો લઈ લેવો અથવા યથા-પ્રસંગ તેને પાયરીમાંથી ઉતારવામાં આવ્યો તે પહેલાં તે ધરાવતો હતો તેજ દરજ્જામાં તેને મૂકવો અને વ્યવસ્થાપકે આવા આદેશનું તુરત પાલન કરવું જોઈશે.

કોર્ટોની હકૂમતને બાધ.

૪૦. (૧) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ ટ્રિબ્યુનલે જે પ્રશ્નની પતાવટ કરવાની હોય, તેનો નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય તે પ્રશ્નની પતાવટ કરવાની, તેનો નિર્ણય કે નિકાલ કરવાની કોઈ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ.

(૨) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના વ્યવસ્થાપક અને હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે એવી શાળામાં નોકરીમાં હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે, એવી વ્યકિતની નોકરીની શરતો અંગેની જે તકરારો નિયત દિવસે કોઈ દીવાની કોર્ટ સમક્ષ નિકાલ બાકી હોય તે તકરારો સંબંધી તમામ દાવા અને કાર્યવાહી ટ્રિબ્યુનલને સોંપવામાં આવશે અને તેની સમક્ષ ચાલુ રહેશે.

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર, નિયત દિવસ પહેલાં એવી કોઈ કોર્ટે કરેલાં હુકમનામા અથવા હુકમોમાંથી ઉપસ્થિત થતી બજવણી, કાર્યવાહી અને અપીલોને લાગુ પડશે નહિ અને આ અધિનિયમ પસાર થયો ન હોય તેમ, આવી બજવણી, કાર્યવાહી અને અપીલોનો નિર્ણય અને નિકાલ કરવામાં આવશે.

અપવાદ.

[1][૪૦-ક. કલમ ૧૭ના ખંડ (૨૬), કલમો ૩૪ અને ૩૫ અને કલમ ૩૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫) માંનો કોઈપણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતિએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહિ.]

## પ્રકરણ-૭

## ગુના અને શિક્ષા

નિમણૂક સામે પ્રતિબંધ.

૪૧. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના કોઈ વ્યવસ્થાપકથી હેડમાસ્તરની નિમણૂંક કરી શકાશે નહિ અને એવી શાળાના કોઈ વ્યવસ્થાપક અથવા હેડમાસ્તરની કલમ ૩૫માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાયના કોઈ શિક્ષકની નિમણૂંક કરી શકાશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિતને, દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીની દંડની શિક્ષા થશે.

---

૧. સને ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૫ની કલમ ૨થી કલમ ૪૦-ક દાખલ કરી છે.

**અમુક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા.**

૪૨. જે કોઈ વ્યક્તિ, કલમ ૩૧ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા કલમ ૩૯ની પેટા-કલમ (૯) હેઠળ ટ્રિબ્યુનલે કાઢેલા કોઈ આદેશનું પાલન કરે નહિ તે વ્યક્તિને, દોષિત ઠર્યેથી, એકસો રૂપિયા કરતાં ઓછા ન હોય તેટલાં દંડની શિક્ષા થશે અને એવો દંડ એક હજાર રૂપિયા સુધી વધારી શકાશે.

**અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા.**

૪૩. (૧) બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધી કોઈ પ્રશ્નપત્ર, ઉત્તરવહી, ગુણપત્રક, અથવા બીજા કોઈ નિયત દસ્તાવેજમાં જણાવેલી તમામ વિગતો, તેવી કોઈ દસ્તાવેજમાં જણાવેલી વિગતોના સંબંધમાં ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી ખાનગી ગણવામાં આવશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળની કોઈપણ વિગતના સંબંધમાં ઠરાવેલી મુદત દરમિયાન એવી વિગતવાળો અથવા એવી કોઈ વિગતો વિષેની માહિતીવાળો કોઈ દસ્તાવેજ પોતાના કબજામાં હોય તેવી કોઈ વ્યક્તિ—

(ક) જે વ્યક્તિને એવી વિગતો જણાવવા માટે તેને અધિકૃત કરવામાં આવી હોય તે સિવાયની બીજી કોઈ વ્યક્તિને સદરહુ વિગતો જાણીબૂઝીને જણાવી દે, અથવા

(ખ) તેની ગુપ્તતાને પ્રતિકૂળ અસર થાય તે રીતે એવી વિગતોનો ઉપયોગ કરે, અથવા

(ગ) એવો દસ્તાવેજ પોતાના કબજામાં રાખવાનો પોતાનો હક ન હોય અથવા એવો દસ્તાવેજ રાખવો તે પોતાની ફરજની વિરૂધ્ધ હોય ત્યારે તેને પોતાના કબજા કે નિયંત્રણમાં રાખે અથવા એવો દસ્તાવેજ પરત કરવા અથવા તેનો નિકાલ કરવા સંબંધી કાયદેસરના સત્તાધિકારીઓએ કાઢેલા કોઈ આદેશનું જાણ બૂઝીને પાલન ન કરે, અથવા

(ઘ) એવા દસ્તાવેજોની વાજબી સંભાળ ન લે અથવા તેમ કરવામાં બેદરકારી બતાવે તે અથવા એવા દસ્તાવેજની ગુપ્તતા જોખમમાં મૂકાય એવું વર્તન કરે,

તો તે વ્યક્તિ આ કલમ હેઠળના ગુના માટે દોષિત ગણાશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળની કોઈ વિગતોના સંબંધમાં, ઠરાવેલી મુદત દરમિયાન જે વ્યક્તિ સ્વૈચ્છિક રીતે આવી કોઈ વિગતો વિષે કંઈ માહિતી મેળવે અને તેને એવી માહિતી મળે તે વખતે સદરહુ માહિતી આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવે છે એમ પોતે જાણતી હોય અથવા એમ માનવાને વાજબી કારણ હોય, તો તે વ્યક્તિ આ કલમ હેઠળના ગુના માટે દોષિત ગણાશે.

(૪) આ કલમ હેઠળના ગુના માટે દોષિત વ્યક્તિને, દોષિત ઠર્યેથી, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંને શિક્ષા થશે.

**શાળા બંધ કરવા સામે પ્રતિબંધ.**

૪૪. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના કોઈપણ વ્યવસ્થાપકથી, શૈક્ષણિક વર્ષ દરમિયાન કોઈપણ સમયે અને જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી ઓછામાં ઓછા છ મહિના અગાઉ તેમ કરવાના પોતાના ઈરાદાથી બોર્ડને લેખિત નોટિસ આપ્યા વિના તે શાળા બંધ કરી શકાશે નહિ.

(૨) જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યક્તિને દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

## પ્રકરણ ૮

## પ્રકીર્ણ

**પ્રસંગોપાત જગાઓ ખાલી પડવા બાબત.**

૪૫. બોર્ડના અથવા કોઈ સમિતિના સભ્યોમાં પ્રસંગોપાત ખાલી પડતી તમામ જગાઓ બનતી ત્વરાએ યથાપ્રસંગ ચૂંટણીથી અથવા નિયુક્તિથી અથવા નિમણુંકથી અથવા હોદ્દો નિર્દેશેલી ભરવી જોઈશે અને પ્રસંગોપાત ખાલી પડેલી જગામાં ચૂંટાયેલી, નિયુક્ત થયેલી અથવા નિમાયેલી અથવા નિર્દેશેલી વ્યક્તિ, જેની જગા ઉપર તેને ચૂંટવામાં, નિયુક્ત કરવામાં કે નિમવામાં અથવા નિર્દેશિત કરવામાં આવે તે સભ્ય, તે ખાલી પડી ન હોત અને જ્યાં સુધી હોદ્દો ધરાવતા ત્યાં સુધી જ હોદ્દો ધરાવશે.

**જગા ખાલી હોવાને કારણે અથવા રચનામાં ખામી હોવાને કારણે કાર્યો અને કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.**

૪૬. આ અધિનિયમમાં, જણાવેલી જોગવાઈઓને અધીન રહીને બોર્ડનું અથવા કોઈ સમિતિનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી યથાપ્રસંગ, બોર્ડ અથવા સમિતિમાં કોઈ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ અમાન્ય થશે નહિ.

**બોર્ડે માહિતી પત્રકો .વગેરે પૂરાં પાડવા બાબત.**

૪૭. રાજ્ય સરકાર, ફરમાવે, તેવા હેવાલો પત્રકો અને સ્ટેટમેન્ટો અને બોર્ડના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત સંબંધી રાજ્ય સરકાર મંગાવે તેવી વધુ માહિતી બોર્ડે રાજ્ય સરકારને પૂરી પાડવી જોઈશે.

**આદેશો કાઢવાની રાજ્ય સરકારની સત્તા.**

૪૮. (૧) બોર્ડે આપેલી સલાહ ઉપર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકારને કલમ ૧૭મા નિર્દિષ્ટ કરેલી તમામ અથવા કોઈપણ બાબતના સંબંધમાં પોતાને જરૂરી લાગે તેવા આદેશો બોર્ડને આપવાની સત્તા રહેશે. બોર્ડે એવા આદેશોનું પાલન કરવું પડશે.

(૨) બોર્ડે જે બાબતનું સંચાલન કર્યું હોય અથવા જે બાબત કરી હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરતું હોય અથવા જે બાબત કરતું હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરવા અથવા જે બાબત કરવા ધારતું હોય તે બાબતના સંદર્ભમાં બોર્ડને સંબોધન કરવાનો અને બોર્ડને તે બાબતમાં પોતાના મંતવ્યો જણાવવાનો રાજ્ય સરકારને હક રહેશે.

(૩) ઉપર પ્રમાણે જણાવવામાં આવે તે ઉપરથી બોર્ડ કોઈ પગલાં લેવા ધારતું હોય અથવા તેણે કોઈ પગલાં લીધાં હોય, તો તેના વિષે તેણે રાજ્ય સરકારને રિપોર્ટ કરવો જોઈશે અને જો બોર્ડ એવા પગલાં લે નહિ, તો તેણે ખુલાસો કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારને ખાતરી થાય તે રીતે વાજબી સમયની અંદર બોર્ડ પગલાં ન લે તો તેણે કરેલા ખુલાસા અથવા રજૂઆત ઉપર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવા આ અધિનિયમ સાથે સુસંગત આદેશો કરી શકશે અને બોર્ડે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૫) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ જેમાં તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી હોય એવી કોઈ તાકીદની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર બોર્ડ સાથે અગાઉથી વિચાર વિનિમય કર્યા વિના પોતાને જરૂરી લાગે તેવું આ અધિનિયમ સાથે સુસંગત પગલાં લઈ શકશે અને પોતે લીધેલાં પગલાં વિશે બોર્ડને તરત જાણ કરશે.

(૬) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે બોર્ડનો કોઈ ઠરાવ, હુકમ અથવા તેનું કોઈ કાર્ય, આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને આપેલી સત્તા બહારનું છે, તો રાજ્ય સરકાર લેખિત હુકમથી તેમાં કારણો નિર્દિષ્ટ કરીને બોર્ડના તે ઠરાવ અથવા હુકમની બજવણી મોકૂફ રાખી શકશે અને બોર્ડને જે પગલાં લેવાનો હુકમ કર્યો હોય અથવા હુકમ કર્યાનું અભિપ્રેત હોય તે પગલાં લેવાનો પ્રતિબંધ કરી શકશે.

**અધ્યક્ષ, ઉપાધ્યક્ષ વગેરે રાજ્ય સેવકો ગણાશે.**

૪૯. બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સભ્યો અને કલમો ૨૦ અને ૨૧માં ઉલ્લેખેલા તમામ અધિકારીઓ અને નોકરો ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.

**સન ૧૮૬૦ નો ૪૫મો.**

**શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે ક્ષતિપૂર્તિ.**

૫૦. આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરતી વેળા અથવા પોતાની ફરજો બજાવતી વેળા શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સંબંધમાં બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, અથવા તેના કોઈ સભ્ય સામે અથવા કલમ ૨૦ અથવા ૨૧માં ઉલ્લેખેલા કોઈ અધિકારી અથવા નોકર સામે અથવા બીજી કોઈ વ્યક્તિ સામે કોઈ દાવો, ફોજદારી કામ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

**અમુક સંજોગોમાં બોર્ડનું વિસર્જન અથવા પદચ્યુતિ.**

૫૧ (૧) રાજ્ય સરકારના અભિપ્રાયમાં, બોર્ડ આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા વિનિયમોની રૂએ અથવા તે હેઠળ અથવા બીજી રીતે કાયદાથી તેના ઉપર મૂકેલી ફરજો બજાવી શકે તેમ નથી અથવા યોગ્ય રીતે બજાવતું નથી. અથવા બજાવવામાં જાણી જોઈને કસૂર કરે છે. અથવા તેની સત્તા બાહ્ય વર્તે છે અથવા તેની સત્તાનો દુરુપયોગ કરે છે અથવા આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની જોગવાઈઓની વિરુદ્ધ કાર્ય કરે છે છે અથવા કર્યું છે અથવા કલમ ૪૮ હેઠળ તેને આપેલા કોઈ આદેશનું પાલન કર્યું નથી, તો રાજ્ય સરકાર બોર્ડને ખુલાસો આપવાની તક આપ્યા પછી રાજપત્રમાં હુકમ અને તે માટેનાં કારણો પ્રસિધ્ધ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે બોર્ડનું

વિસર્જન અથવા તેને પદચ્યુત કરી શકશે; અને આવી મુદત બોર્ડને આ કલમ હેઠળ પદચ્યુત કરવામાં આવ્યું ન હોત તો, બોર્ડના સભ્યોએ જે મુદત સુધી કલમ ૬ હેઠળ હોદ્દો ધરાવતા હોત તે મુદત પછી લંબાવી શકાશે.

(૨) બોર્ડનું વિસર્જન અથવા તેને પદચ્યુત કરવામાં આવે, ત્યારે નીચેનાં પરિણામો ઉદ્‌ભવશે :—

(ક) બોર્ડના તમામ સભ્યો, બોર્ડને પદચ્યુત કર્યું હોય, તો પદચ્યુતિના હુકમની તારીખથી અને બોર્ડનું વિસર્જન કર્યું હોય, તો વિસર્જનના હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી એવા સભ્યો તરીકેના પોત પોતાના હોદ્દા ખાલી કરશે;

(ખ) બોર્ડ અને તેની સમિતિઓની તમામ સત્તા, ફરજો અને કાર્યો વિસર્જન અથવા પદચ્યુતીની મુદત દરમિયાન રાજ્ય સરકાર, તે માટે વખતોવખત નીમે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ વાપરશે અને બજાવશે;

(ગ) બોર્ડમાં નિહિત થયેલી તમામ મિલકત વિસર્જન અથવા પદચ્યુતિની મુદત દરમિયાન રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૩) બોર્ડના વિસર્જન પછી, પેટા-કલમ (૧) હેઠળ વિસર્જનના હુકમમાં રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તે પહેલાં આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે બોર્ડની ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે.

(૪) બોર્ડને પદચ્યુત કરવામાં આવે, તો પદચ્યુતિની મુદત પૂરી થયેથી, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે બોર્ડની ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે.

સન ૧૯૫૬ નો ૩જો. ૫૨. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમની તમામ જોગવાઈઓ અથવા તે પૈકી કોઈપણ જોગવાઈમાંથી, જે કોઈ માધ્યમિક શાળા, કેન્દ્રીય માધ્યમિક શાળા બોર્ડ, ન્યુ દિલ્હી અથવા અથવા ઈન્ડિયન પબ્લિક કોન્ફરન્સ, ન્યુ દિલ્હી સાથે જોડાયેલી હોય અથવા કોઈ યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને માન્ય કરેલી અથવા યુનિવર્શિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની યથાપ્રસંગ, કલમ-૨ અથવા કલમ-૩ના ખંડ (છ)ની જોગવાઈઓ અનુસાર યુનિવર્સિટી તરીકે કેન્દ્ર સરકારે જાહેર કરેલ હોય તેવી કોઈ સંસ્થા જેને નિભાવતી હોય તે માધ્યમિક શાળાને મુક્તિ આપી શકશે. મુક્તિ.

૫૩. (૧) બોર્ડ, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે વિનિયમો કરી શકશે. વિનિયમો કરવાની બોર્ડની સત્તા.

(૨) ખાસ કરીને અને પુર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત વિષે જોગવાઈ કરી શકાશે :—

(ક) કલમ ૧૮ હેઠળ નિમાયેલી સમિતિઓની રચના, સત્તા અને કાર્યો અને તેના સભ્યોના હોદ્દાની મુદત;

(ખ) રજિસ્ટર થયેલી શાળાઓમાં તમામ ધોરણોની વાર્ષિક પરીક્ષાઓ માટેના વિષયો;

(ગ) વાર્ષિક પરિક્ષાઓમાં ઉમેદવારોના પ્રવેશ બાબત અને એવા પ્રવેશને લાગુ પડતી શરતો;

(ઘ) કોઈપણ વિષયમાં અને સમગ્ર રીતે વાર્ષિક પરીક્ષામાં પાસ થવા માટે અને કોઈ વિષયમાં મુક્તિ, ક્રેડિટ અને ડિસ્ટિન્કશન મેળવવા માટે કેટલા માર્ક જરૂરી છે તે બાબત;

(ચ) બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષાઓના પ્રવેશ માટેની ફી અને આ પરીક્ષાઓ સાથે સંકળાયેલાં બીજી બાબતોના સંબંધમાં આપવાની બીજી ફી અને ચાર્જ;

(છ) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના અને અન્ય પરીક્ષાઓના સંચાલન માટેની વ્યવસ્થા અને પરિણામો જાહેર કરવા બાબત;

(જ) પરીક્ષકોની નિમણૂક, પરીક્ષાઓ સંબંધી તેમની સત્તા અને ફરજો અને તેમનાં મહેનતાણાં;

(ઝ) પરીક્ષકોની લાયકાતો અને ગેરલાયકાતો;

(ટ) પ્રમાણપત્રો આપવા બાબત;

(ઠ) બોર્ડના નાણાંનું સર્વાંગી નિયંત્રણ, તેનો પ્રબંધ તેની સલામત કસ્ટડી અને તેનો વહીવટ;

(ડ) બોર્ડ કઈ તારીખ પહેલાં અને કઈ રીતે પોતાનું અંદાજપત્ર તૈયાર કરવું તે બાબત;

(ઢ) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા કોઈ વિનિયમને અથવા તેમાં કરેલા ફેરફારને અથવા તે રદ કરવાની બાબતને સરકાર મંજૂર ન કરે ત્યાં સુધી તે અમલમાં આવશે નહિ.

**પહેલીવારના વિનિયમો.** ૫૪. કલમ ૫૩માં ગમે તે મજકૂર હોય છતાં, રાજ્ય સરકાર પહેલીવારના વિનિયમો કરશે અને તે કલમ હેઠળ નવા વિનિયમો યોગ્ય રીતે કરવામાં અને મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી, તે અમલમાં ચાલુ રહેશે.

**ઉપ-નિયમો કરવાની બોર્ડની સત્તા.** ૫૫. બોર્ડ નીચેની તમામ અથવા કોઈપણ બાબત વિષે જોગવાઈ કરવા માટે આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો સાથે સુસંગત ઉપ નિયમો કરી શકશે.—

(ક) બોર્ડની અને બોર્ડની નીમેલી સમિતિઓની બેઠકોમાં અનુસરવાની કાર્યરીતિ અને આવી બેઠકોમાં કોરમ માટે જરૂરી સભ્યોની સંખ્યા;

(ખ) બોર્ડ અથવા કોઈ સમિતિના સભ્યોને મળવાપાત્ર મુસાફરી અને દૈનિક ભથ્થાં;

(ગ) આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની રૂએ જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી માત્ર બોર્ડ અને તેની સમિતિઓને સંબંધકર્તા હોય તેવી બીજી બાબત;

**શંકાની બાબતમાં અર્થઘટન.** ૫૬. આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈપણ વિનિયમ અથવા ઉપ નિયમની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે બાબત રાજ્ય સરકારને નિર્ણય માટે મોકલી શકાશે અને બોર્ડનાએક તૃતિયાંશ સભ્યો કરતાં ઓછા ન હોય તેટલા સભ્યો તેવી માંગણી કરે, તોતે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે. રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

**રદ કરવા બાબત અને અપવાદ.** ૫૭. (૧) કલમ-૩ હેઠળ જે તારીખે બોર્ડ પહેલીવાર રચવામાં આવે તે તારીખે અને તે તારીખથી (જેનો હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે) અસરકર્તા થાય એ રીતે મુંબઈ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ (જેનો આમાં હવે પછી 'વિસર્જિત બોર્ડ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) વિસર્જિત એવું ગણાવશે. અને તેના તમામ સભ્યો તેમના હોદ્દાની જગા ખાલી કરશે. **સન ૧૯૪૮ નો મુંબઈ-નો ૪૯મો.**

(૨) સદરહુ અધિનિયમ રદ થવા છતાં—

(ક) વિસર્જિત બોર્ડની તમામ સ્થાવર અને જંગમ મિલકત તેના તમામ હકો અને તેના કોઈપણ પ્રકારના હિત, અને તમામ સત્તા અને વિશેષાધિકારો સદરહુ તારીખે બોર્ડને તબદીલ થયા ગણાશે અને અન્ય તબદીલી ખત કર્યા વિના બોર્ડમાં નિહિત થશે અને ત્યારબાદ જે ઉદ્દેશો અને હેતુઓ માટે બોર્ડ રચવામાં આવે તે માટે તે ઉપયોગમાં લેવામાં આવશે;

(ખ) વિસર્જિત બોર્ડે સ્વીકારેલાં અથવા તેને મળેલા તમામ દાનો, આ અધિનિયમ હેઠળ બોર્ડે સ્વીકારેલા છે અથવા તેને મળેલાં છે એમ ગણાશે અને જે શરતોએ એવા દાનો સ્વીકારવામાં આવ્યા હોય અથવા મળ્યા હોય તે તમામ શરતો આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત હોય તો પણ, અધિનિયમ હેઠળ તે માન્ય છે એમ ગણાશે.

(ગ) જેમાં વિસર્જિત બોર્ડની તરફેણમાં કોઈ વસિયતી બક્ષિસ, બક્ષિસ, શરતો અથવા ટ્રસ્ટ હોય એવા અને સદરહુ તારીખ પહેલાં કરેલા કોઈ વિલ, ખત અથવા બીજા દસ્તાવેજમાં, વિસર્જિત બોર્ડને બદલે બોર્ડનું નામ હોય તેમ સદરહુ તારીખ અથવા ત્યારથી તેનો અર્થ કરવામાં આવશે;

(ઘ) સદરહુ તારીખની તરત પહેલાં માન્ય કરેલી અને વિસર્જિત બોર્ડના વિશેષાધિકારો મેળવતી હોય એવી તમામ સંસ્થાઓ જેટલે અંશે એવી માન્યતા અથવા વિશેષાધિકારો આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ પાછા ખેંચી લેવામાં આવે, તેના ઉપર નિયંત્રણ મૂકવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તે સિવાય, માન્ય કરવામાં આવી છે અને તેને આ અધિનિયમ હેઠળ રચેલા બોર્ડના વિશેષાધિકારો મળ્યા છે એમ ગણાશે;

(ચ) સદરહુ તારીખ પહેલાં વહોરેલાં અને વિસર્જિત બોર્ડ સામે કાયદેસર રીતે વિદ્યમાન હોય એવાં તમામ દેવાં અને જવાબદારીઓ અને ફરજો બોર્ડે અદા કરવાં જોઈશે અને ભરપાઈ કરવાં જોઈશે;

(છ) કોઈપણ અધિનિયમમાં અથવા કોઈ અધિનિયમ હેઠળ કાઢી આપેલા લેખમાં વિસર્જિત બોર્ડના ઉલ્લેખોને બોર્ડને ઉદ્દેશીને છે એવો અર્થ કરવામાં આવશે;

(જ) બોર્ડ, આ અધિનિયમના હેતુઓ માટે વિસર્જિત બોર્ડ નીચે સદરહુ તારીખની તરત પહેલાં નોકરી કરતા રાજ્ય સરકારના તમામ અધિકારીઓ અને નોકરોને સદરહુ તારીખથી પોતાને હસ્તક લઈને કામે રાખી શકશે અને રાજ્ય સરકાર તેઓને સમાવી લેવા સંબંધી અને તેઓની સિનિયોરીટી સંબંધી સામાન્ય અથવા ખાસ હુકમ કરે તેને અધીન રહીને તેઓ બદલાએલા સંજોગોમાં બની શકે ત્યાં સુધી તેવીજ સેવાની શરતોએ આ અધિનિયમ હેઠળ એવી શરતોમાં યોગ્ય રીતે ફેરફાર ન થાય ત્યાં સુધી હોદ્દો ધરાવવાનું ચાલુ રાખશે :

પરંતુ એવા કોઈ અધિકારી અથવા નોકરને સદરહુ તારીખના તરત પહેલાં લાગુ પડતી નોકરીની શરતોમાં, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તેને ગેરલાભ થાય એ રીતે ફેરફાર કરી શકાશે નહિ.

૫૬. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો મુશ્કેલી નિવારવા માટે, રાજ્ય સરકાર, પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય એવી અને આ અધિનિયમની જોગવાઈઓ સાથે, અસંગત ન હોય એવી જોગવાઈઓ, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી કરી શકશે. મુશ્કેલીઓ નિવારવાની સત્તા.

૫૭. અનુસૂચિના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરેલો દરેક અધિનિયમ, તે અનુસૂચિના ત્રીજા કોલમમાં તેની સામે નિર્દિષ્ટ કરેલ હોય તે રીતે અને તેટલે અંશે સુધારેલો ગણાશે. રાજ્યની અમુક યુનિવર્સિટીઓ સંબંધી અધિનિયમોની અમુક જોગવાઈઓનો સુધારો.

## અનુસૂચિ

(જુઓ કલમ ૫૯)

| અનુક્રમ નંબર | ટૂંકી સંજ્ઞા | કેટલે સુધી સુધારેલ છે તે |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો વડોદરાનો ૧૭મો અધિનિયમ) | કલમ ૪૪માં, ખંડ (૧)માં, "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૨. | ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૫૦મો) | કલમ ૪૨માં, ખંડ (૧)માં, "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૩. | સરદાર પટેલ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો મુંબઈનો ૪૦મો). | (૧) કલમ ૧૫માં, પેરા (બ)માં, ખંડ (૧૩)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:— "(૧૩) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ" ; (૨) કલમ ૩૩માં, ખંડ (૧)માં, "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૪. | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૮મો.) | (૧) કલમ ૧૬માં, પેરા (બ)માં ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:— "(૬) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ"; (૨) કલમ ૪૩માં, "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૫. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૯મો) | (૧) કલમ ૧૬માં, પેરા (બ)માં, ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:— "(૬) ગુજરાતમાધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ", (૨) કલમ ૪૩માં, "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.